ગુજરાતી

# બાલભારતી

ધોરણ-ચોથું



# ભારતનું સંવિધાન

## ભાગ ૪ ક

## નાગરિકોના મૂળભૂત કર્તવ્યો

**અનુચ્છેદ ૫૧ ક**

**મૂળભૂત કર્તવ્ય - ભારતના પ્રત્યેક નાગરિકનું એ કર્તવ્ય છે કે તેણે -**

(ક) સંવિધાનનું પાલન કરવું. સંવિધાનના આદર્શો, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીતનો આદર કરવો.

(ખ) સ્વાતંત્ર્ય ચળવળની પ્રેરણા આપનારા આદર્શોનું પાલન કરવું.

(ગ) દેશના સાર્વભૌમત્વ, એકતા અને અખંડતા સુરક્ષિત રાખવા પ્રયત્નશીલ રહેવું.

(ઘ) આપણા દેશનું રક્ષણ કરવું, દેશની સેવા કરવી.

(ઙ) દરેક પ્રકારના ભેદભાવને ભૂલીને એકતા અને બંધુત્વની ભાવના વિકસાવવી. સ્ત્રીઓના સન્માનને ઠેસ પહોંચાડનારી પ્રથાઓનો ત્યાગ કરવો.

(ચ) આપણી સંમિશ્ર સંસ્કૃતિના વારસાનું જતન કરવું.

(છ) નૈસર્ગિક પર્યાવરણનું જતન કરવું. સજીવ પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવો.

(જ) વૈજ્ઞાનિક દૃષ્ટિ, માનવતાવાદ અને જિજ્ઞાસાવૃત્તિ કેળવવી.

(ઝ) સાર્વજનિક માલમત્તાનું જતન કરવું. હિંસાનો ત્યાગ કરવો.

(ઞ) દેશની ઉત્તરોત્તર પ્રગતિ માટે વ્યક્તિગત તેમજ સામૂહિક કાર્યમાં ઉત્તમતા-શ્રેષ્ઠતાનું સ્તર જાળવી રાખવાનો પ્રયત્ન કરવો.


(ટ) ૬થી ૧૪ વય જૂથના બાળકોને તેમના વાલીએ શિક્ષણની તક પૂરી પાડવી.

શિક્ષણખાતાનો મંજૂરી ક્રમાંક : પ્રાશિસં/૨૦૧૪-૧૫/૨૨૯૮/ડ-૫૦૫/૧૦૫૯ તારીખ : ૧૭.૦૨.૨૦૧૪

# ગુજરાતી
# બાલભારતી
## ધોરણ-ચોથું

નામ : ..............................................................

શાળા : ..............................................................



મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે ૪૧૧ ૦૦૪.

2JF136

તમારા સ્માર્ટફોનમાં DIKSHA App દ્વારા પાઠ્યપુસ્તકનાં પહેલા પાનાં પરના Q.R. Codeથી ડિજિટલ પાઠ્યપુસ્તક અને દરેક પાઠમાં આપેલા Q.R. Codeથી તે સંબંધિત પાઠનાં અધ્યયન-અધ્યાપન માટે ઉપયોગી દૃશ્ય-શ્રાવ્ય સાહિત્ય ઉપલબ્ધ થશે.

પ્રથમાવૃત્તિ : ૨૦૧૪ © મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે-૪૧૧ ૦૦૪.
પુનર્મુદ્રણ : ૨૦૨૨

મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ પાસે આ પુસ્તકના બધા હક્ક રહેશે. આ પુસ્તકનો કોઈ પણ ભાગ સંચાલક, મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળની લેખિત પરવાનગી વગર છાપી શકાશે નહિ.

ગુજરાતી ભાષા સમિતિ : સુશ્રી. કલ્પના મહેતા, અધ્યક્ષ
ડૉ. મધુ સંપટ, સદસ્ય
સુશ્રી. ઈલા શુક્લ, સદસ્ય
શ્રીમતી સ્મિતા દવે, સદસ્ય
શ્રીમતી કેતકી નિતેશ જાની, સદસ્ય-સંયોજક

સંયોજન પ્રમુખ : શ્રીમતી કેતકી નિતેશ જાની
વિશેષાધિકારી ગુજરાતી,
પાઠ્યપુસ્તક મંડળ,
પુણે-૪૧૧ ૦૦૪

ચિત્રાંકન : શ્રી. બી. કે. પંચાલ

મુખપૃષ્ઠ : શ્રી. સુહાસ જગતાપ

નિર્મિતિ : શ્રી. સચ્ચિતાનંદ આફળે,
મુખ્ય નિર્મિતિ અધિકારી
શ્રી. સચિન મેહતા,
નિર્મિતિ અધિકારી
શ્રી. નીતિન વાણી,
સહાયક નિર્મિતિ અધિકારી

અક્ષરાંકન : મુદ્રા વિભાગ,
પાઠ્યપુસ્તક મંડળ,
પુણે-૪૧૧ ૦૦૪

કાગળ : ૭૦ જી. એસ. એમ. ક્રિમવોવ

મુદ્રણાદેશ : N/PB/2022-23/1,000

મુદ્રક : M/S. PRINT PLUS PVT. LTD., THANE

પ્રકાશક : શ્રી. વિવેક ગોસાવી, નિયંત્રક
પાઠ્યપુસ્તક નિર્મિતિ મંડળ,
પ્રભાદેવી, મુંબઈ-૪૦૦ ૦૨૫.

## પ્રસ્તાવના

'બાળકોનો મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર – ૨૦૦૯' અને 'રાષ્ટ્રીય શૈક્ષણિક રૂપરેખા-૨૦૦૫' ને નજર સમક્ષ રાખી રાજ્યમાં 'પ્રાથમિક શિક્ષણ અભ્યાસક્રમ-૨૦૧૨' તૈયાર કરવામાં આવ્યો. આ શાસન માન્ય અભ્યાસક્રમ ઉપર આધારિત ધોરણ પહેલાથી આઠમાની નવી બાલભારતી માળા પાઠ્યપુસ્તક મંડળ ૨૦૧૩-૧૪, આ શાળાકીય વર્ષથી ક્રમશઃ પ્રકાશિત કરી રહ્યું છે. આ માળાનું ચોથા ધોરણનું પુસ્તક આપના હાથમાં હોવાનો અમને વિશેષ આનંદ છે.

અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા બાલકેન્દ્રી, કૃતિપ્રધાન, મનોરંજક અને આનંદદાયી બની રહે, એ દષ્ટિકોણ નજર સમક્ષ રાખી આ પુસ્તકની રચના કરવામાં આવી છે.

ધોરણ – એકથી ત્રણની જેમ આ પુસ્તક પણ જ્ઞાનરચનાવાદ, સ્વયં અધ્યયન, મૂલ્યશિક્ષણ, ઉપક્રમો અને જીવન કૌશલ્યોનું પંચામૃત જ છે. સ્વાધ્યાયોમાં પહેલો પ્રશ્ન ત્રીજા ધોરણની જેમ જ બાળકોની શોધનવૃત્તિને ખીલવશે. છેલ્લો પ્રશ્ન જોડણી સંબંધિત છે. 'શબ્દો વર્ણમાળાના ક્રમ મુજબ ગોઠવો' દ્વારા બાળકો શબ્દકોશ વાપરવા સક્ષમ બનશે. રૂઢિપ્રયોગ અને તેના અર્થને યોગ્ય રીતે જોડી આપવાનો સ્વાધ્યાય કરવાથી બાળકો પોતાના રોજબરોજના વ્યવહારમાં ભાષાની રજૂઆત ઉત્તમ અને અસરકારક રીતે કરી શકવા સજ્જ બનશે.

આ પુસ્તકમાં વ્યાકરણની રજૂઆતને વધારે સરળ અને રોચક બનાવવાનો પ્રયત્ન કર્યો છે. જેથી બાળકો તેને સારી અને સાચી રીતે આત્મસાત કરી શકે. શબ્દરમત, વાંચો-વિચારો અને નક્કી કરો, ઉપક્રમ દ્વારા બાળકોની શબ્દસંપત્તિમાં ચોક્કસ વધારો થશે, જેથી ભાષા સમૃદ્ધ થવામાં પણ મદદ થશે. તે નિશ્ચિત છે.

'હું વાંચું ..... તમે પણ વાંચો' એ બાળકોને પુસ્તકાલય તરફ દોરી જવાનું ઉત્તમ માધ્યમ બની રહેશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

ગુજરાતી ભાષા સમિતિ, શ્રીમતી નીલા પાધ્યા, શ્રીમતી પ્રીતિ ચિત્રોડા, ડૉ. ઉષા નાયર, શ્રીમતી સુજાતા રામેકર (કાર્યજૂથ સદસ્ય), શ્રી. ઈલેશકુમાર આર. ગાંધી (ગુણવત્તા પરીક્ષક) અને ચિત્રકારના નિષ્ઠાયુક્ત પરિશ્રમથી આ પુસ્તક તૈયાર થયું છે. આ પુસ્તક તદ્દન ક્ષતિરહિત અને ગુણવત્તાસભર બને તે માટે રાજ્યના વિવિધ ભાગોમાંથી પ્રાથમિક શિક્ષકો, તજજ્ઞ પાસે પુસ્તકનું સમીક્ષણ કરાવાયું છે. સમીક્ષકોની સૂચના અને અભિપ્રાયોનો વિચાર કરી ગુજરાતી ભાષા સમિતિએ પુસ્તકને અંતિમ સ્વરૂપ આપ્યું છે. મંડળ આ સર્વનું મનઃપૂર્વક આભારી છે.

વિદ્યાર્થી, શિક્ષક, પાલક આ પુસ્તકનું સ્વાગત કરશે જ એવી આશા છે.

(ચં. રા. બોરકર)
**સંચાલક**
મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

પુણે
તારીખ : ૧૪ ફેબ્રુઆરી, ૨૦૧૪

# ભારતનું સંવિધાન

## આમુખ

અમે ભારતના લોકો ભારતને એક સાર્વભૌમ સમાજવાદી બિનસાંપ્રદાયિક લોકતંત્રાત્મક પ્રજાસત્તાક તરીકે સંસ્થાપિત કરવાનો
તથા તેના સર્વ નાગરિકોને :
સામાજિક, આર્થિક અને રાજકીય ......................ન્યાય
વિચાર, અભિવ્યક્તિ, માન્યતા,
ધર્મ અને ઉપાસનાની ...............................સ્વતંત્રતા
દરજ્જા અને તકની .................................સમાનતા
પ્રાપ્ત થાય તેમ કરવાનો
અને તેઓ સર્વમાં
વ્યક્તિનું ગૌરવ અને રાષ્ટ્રની
એકતા અને અખંડતા સુદૃઢ કરે એવી ................બંધુતા
વિકસાવવાનો
ગંભીરતાપૂર્વક સંકલ્પ કરીને

અમારી સંવિધાનસભામાં ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ આથી આ સંવિધાન અપનાવી, તેને અધિનિયમિત કરી અમને પોતાને અર્પિત કરીએ છીએ.

## રાષ્ટ્રગીત

જનગણમન - અધિનાયક જય હે
ભારત - ભાગ્યવિધાતા.
પંજાબ, સિંધુ, ગુજરાત, મરાઠા,
દ્રાવિડ, ઉત્કલ, બંગ,
વિંધ્ય, હિમાચલ, યમુના, ગંગા,
ઉચ્છલ જલધિતરંગ,
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે,
ગાહે તવ જયગાથા.
જનગણ મંગલદાયક જય હે,
ભારત - ભાગ્યવિધાતા.
જય હે, જય હે, જય હે,
જય જય જય, જય હે.

## પ્રતિજ્ઞા

ભારત મારો દેશ છે. બધા ભારતીયો મારાં ભાઈબહેન છે.

હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું સદાય તેને લાયક બનવા પ્રયત્ન કરીશ.

હું મારાં માતાપિતા, શિક્ષકો અને વડીલો પ્રત્યે આદર રાખીશ અને દરેક જણ સાથે સભ્યતાથી વર્તીશ.

હું મારા દેશ અને દેશબાંધવો પ્રત્યે વફાદારી રાખવાની પ્રતિજ્ઞા લઉં છું. તેમનાં કલ્યાણ અને સમૃદ્ધિમાં જ મારું સુખ સમાયેલું છે.

# ધોરણ ચોથું - ગુજરાતી અધ્યયન નિષ્પત્તિ

| અધ્યયન માટે સૂચવેલી શૈક્ષણિક પ્રક્રિયા | અધ્યયન નિષ્પત્તિ |
|---|---|
| **દરેક વિદ્યાર્થીઓને (ભિન્ન રૂપથી સક્ષમ બાળકો સહિત) વ્યક્તિગત, સામૂહિક રીતે કાર્ય કરવાનો અવસર અને પ્રોત્સાહન મળે તે માટે -**<br>• વિવિધ વિષયો, પરિસ્થિતિ, ઘટનાઓ, અનુભવો, વાર્તા, કવિતા વગેરેને પોતાની રીતે, પોતાની ભાષામાં કહેવાની/પ્રશ્ન પૂછવાની અને પોતાની વાત જોડવાની તક હોય.<br>• વાંચનખંડ/પુસ્તકાલયમાં સ્તર અનુસાર વિવિધ રોચક સામગ્રી જેમકે - બાળ સાહિત્ય, બાળપત્રિકા, પોસ્ટર, ઓડિઓ-વીડિઓ સામગ્રી, વર્તમાનપત્ર વગેરે ઉપલબ્ધ હોય.<br>• જુદી જુદી વાર્તાઓ, કવિતાઓ, પોસ્ટર, વગેરેને વાંચીને સમજવાની-સમજાવવાની, તેના વિશે પોતાની પ્રતિક્રિયા આપવાની, વાતચીત કરવાની, પ્રશ્ન કરવાની તક હોય.<br>• વિવિધ ઉદ્દેશોને ધ્યાનમાં રાખીને વાંચતી વખતે વિવિધ પરિમાણોને વર્ગમાં ઉચિત સ્થાન આપવાની તક હોય, જેમકે - કોઈ ઘટના અથવા પાત્ર વિશે પોતાની પ્રતિક્રિયા, મત, તર્ક રજૂ કરવો. વિશ્લેષણ કરવું વગેરે.<br>• વાર્તા, કવિતા વગેરે બોલીને વાંચવાની, સાંભળવાની, સાંભળેલી, જોયેલી, વાંચેલી વાતોને પોતાની રીતે પોતાની ભાષામાં કહેવાની અને લખવાની (ભાષિક અને સાંકેતિક માધ્યમથી) તક અને પ્રોત્સાહન ઉપલબ્ધ હોય.<br>• આવશ્યકતા અને સંદર્ભ અનુસાર પોતાની ભાષા દઢ કરવાની (નવા શબ્દ/વાક્ય) અને તેનો ઉપયોગ કરવાની તક હોય.<br>• એક-બીજાની લખેલી રચનાઓ સાંભળવાની, વાંચવાની અને એના વિશે પોતાનો મત વ્યક્ત કરવાની એમાં પોતાની વાત જોડવાની આગળ વધારવાની અલગ-અલગ રીતે /સર્જનાત્મક રીતે વ્યક્ત (મૌખિક, લેખિત, સાંકેતિક રૂપથી) કરવાની સ્વતંત્રતા હોય.<br>• આસ-પાસ થતી પ્રવૃત્તિઓ /ઘટનાઓ (જેમકે - ઘરની છત પરથી સૂરજ કેમ નથી દેખાતો? સામેના ઝાડ પર બેઠેલી ચકલી ક્યાં જતી રહી?) વિશે પ્રશ્ન કરવાની, સહવિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરવાની તક હોય.<br>• વર્ગમાં પોતાના સાથીઓની ભાષા પર ધ્યાન આપવાની તક હોય, જેમકે - કેરી, રોટલી, પોપટ વગેરે શબ્દોને પોત-પોતાની ભાષામાં કહેવાની તક હોય.<br>• વિષય-વસ્તુના સંદર્ભમાં ભાષાની વિશિષ્ટતા અને તેની નિયમબદ્ધ પ્રકૃતિને સમજીને તેનો પ્રયોગ કરવાની તક હોય.<br>• અન્ય વિષયો, વ્યવસાયો, કળાઓ વગેરેમાં (જેમકે - ગણિત, વિજ્ઞાન, સામાજિક અધ્યયન, નૃત્યકળા, ચિકિત્સા વગેરે) વપરાતા શબ્દોને સમજવાની અને સંદર્ભ અને સ્થિતિ અનુસાર તેનો ઉપયોગ કરવાની તક હોય.<br>• પાઠ્યપુસ્તક અને ઈત્તર સામગ્રીમાં આવતા પ્રાકૃતિક, સામાજિક અને અન્ય સંવેદનશીલ મુદ્દાઓને સમજીને તેના વિશે ચર્ચા કરવાની તક હોય. | **વિદ્યાર્થી -**<br>04.05.01 બીજા દ્વારા કહેવાતી વાતને ધ્યાનથી સાંભળીને પોતાની પ્રતિક્રિયા વ્યક્ત કરે છે અને પ્રશ્ન પૂછે છે.<br>04.05.02 સાંભળેલી રચનાઓની વિષય-વસ્તુ, ઘટનાઓ, ચિત્રો, પાત્રો, શીર્ષક વગેરે વિશે વાતચીત કરે છે/ પ્રશ્ન પૂછે છે, પોતાનો મત વ્યક્ત કરે છે, પોતાની વાત સંબંધિત તર્ક રજૂ કરે છે.<br>04.05.03 વાર્તા, કવિતા અથવા અન્ય સામગ્રીને પોતાની રીતે પોતાની ભાષામાં કહે છે અને એમાં પોતાની વાર્તા/વાત જોડે છે.<br>04.05.04 ભાષાની વિશિષ્ટતા પર ધ્યાન આપી, પોતાની ભાષા દઢ કરે છે અને તેનો ઉપયોગ કરે છે.<br>04.05.05 વિવિધ પ્રકારની સામગ્રીમાં (જેમકે - વર્તમાનપત્રનું મુખ્ય શીર્ષક, બાળસાહિત્ય વગેરે) આવતા પ્રાકૃતિક, સામાજિક અને અન્ય સંવેદનશીલ મુદ્દાઓને સમજે છે અને તેના વિશે ચર્ચા કરે છે.<br>04.05.06 વાંચેલી સામગ્રી અને વ્યક્તિગત અનુભવોને જોડતા થતી સંવેદનાઓ અને વિચારો (મૌખિક/લેખિત) વ્યક્ત કરે છે.<br>04.05.07 પોતાના પાઠ્યપુસ્તકેત્તર સામગ્રીને (બાળ સાહિત્ય/ વર્તમાન-પત્રનું મુખ્ય શીર્ષક, બાળપત્રિકા, હોર્ડિંગ્સ વગેરે) સમજીને વાંચે છે.<br>04.05.08 જુદી-જુદી રચનાઓમાં આવેલા નવા શબ્દોને સંદર્ભના અનુસંધાનમાં સમજીને તેનો અર્થ ગ્રહણ કરે છે.<br>04.05.09 વાંચન પ્રત્યે ઉત્સુક રહે છે અને વાંચનખંડ/પુસ્તકાલયમાંથી પોતાને ગમતા પુસ્તકો જાતે પસંદ કરીને વાંચે છે.<br>04.05.10 વાંચેલી રચનાઓની વિષય-વસ્તુ, ઘટનાઓ, ચિત્રો, પાત્રો, શીર્ષક વગેરે વિશે વાતચીત કરે છે/પ્રશ્ન પૂછે છે, પોતાનો મત વ્યક્ત કરે છે, પોતાની વાત સંબંધિત તર્ક રજૂ કરે છે.<br>04.05.11 સ્તર અનુસાર અન્ય વિષયો, વ્યવસાયો, કળાઓ વગેરેમાં (જેમકે - ગણિત, વિજ્ઞાન, સામાજિક અધ્યયન, નૃત્યકળા, ચિકિત્સા વગેરેમાં) ઉપયોગમાં આવતા શબ્દોની પ્રશંસા કરે છે.<br>04.05.12 ભાષાની વિશિષ્ટતા, જેમકે - શબ્દોની પુનરાવૃત્તિ, સર્વનામ, વિશેષણ, જાતિ, લિંગ, વચન વગેરે પ્રત્યે સજાગ રહી લખે છે.<br>04.05.13 કોઈપણ વિષય પર લખતી વખતે શબ્દોના સૂક્ષ્મ અંતરને સમજીને તેની પ્રશંસા કરે છે અને શબ્દોનો યોગ્ય ઉપયોગ કરીને લખે છે.<br>04.05.14 વિવિધ ઉદ્દેશો (સૂચના ફલક પર લખાતી સૂચના, સામાનની યાદી, કવિતા, વાર્તા, પત્ર વગેરે) અનુસાર લખે છે.<br>04.05.15 સ્વેચ્છાએ અથવા શિક્ષક દ્વારા નિશ્ચિત ઉપક્રમ અંતર્ગત લેખનની પ્રક્રિયાને વિશેષ સમજૂતી સાથે પોતાના લેખનને ચકાસે છે અને લેખનના ઉદ્દેશ તથા વાચક અનુસાર તેમાં ફેરફાર કરે છે.<br>04.05.16 જુદી-જુદી રચનાઓમાં આવતા નવા શબ્દોને સંદર્ભ અનુસાર સમજીને તેનો લેખનમાં ઉપયોગ કરે છે.<br>04.05.17 વિવિધ ઉદ્દેશો માટે લખતી વખતે પોતાના લેખનમાં વિરામચિહ્નો જેમકે - પૂર્ણવિરામ, અલ્પવિરામ, પ્રશ્નાર્થ-ચિહ્નોનો ઉપયોગ કરે છે.<br>04.05.18 પોતાની કલ્પનાથી વાર્તા, કવિતા, વર્ણન વગેરે લખતી વખતે ભાષાનો સર્જનાત્મક ઉપયોગ કરે છે. |

## શિક્ષક સાથે સંવાદ

- શિક્ષકમિત્રો, આ પાઠ્યપુસ્તક શીખવવાની શરૂઆત કરતાં પહેલાં ધોરણ પહેલા, બીજા અને ત્રીજાનું પાઠ્યપુસ્તક એક વખત વાંચી લેવાથી આપની અધ્યાપન પ્રક્રિયાને સાચી દિશા મળશે.
- કૃતિની નીચે આપેલ 'શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા' પહેલાં વાંચો, તેમાં તમારા મૌલિક મુદ્દા ઉમેરો પછી અધ્યયન અનુભવો ઉમેરશો તો વિદ્યાર્થીઓ કૃતિના અધ્યયન માટે પ્રેરિત થશે, વાતાવરણ ચેતનવંતુ બનશે તેથી અધ્યાપન અસરકારક બનશે.
- સ્વાધ્યાયો મૌખિક કરાવ્યા પછી વિદ્યાર્થીઓને વર્ગમાં જાતે જ અને પુસ્તકમાં જ કરવા દેવા. તે સમયે ફરીને જરૂર જણાય તેને વ્યક્તિગત માર્ગદર્શન આપવું.
- દરેક કૃતિના સ્વાધ્યાયોમાં છેલ્લો પ્રશ્ન સાચી જોડણીથી વિદ્યાર્થી પરિચિત બને તે હેતુથી મૂકેલો છે. તે ઉપરથી વર્ષાંતે જોડણી વિષયક એક આખો પ્રકલ્પ તૈયાર કરી શકાશે.
- 'યાદ રાખો' અંતર્ગત કૃતિમાં આપેલા અલંકારિક શબ્દો અને શબ્દસમૂહના અર્થ બતાવ્યા છે. જેનો બાળકો આગળ જતાં વ્યવહારમાં ઉપયોગ કરી પોતાની ભાષાને સમૃદ્ધ બનાવી શકશે.
- 'હું વાંચું – તમે પણ વાંચો' દ્વારા વિદ્યાર્થીઓને પુસ્તકાલય તરફ જતા કરવાના છે. માટે તેના સવાલ–જવાબ કરાવવાના નથી. આપણા હેતુને સિદ્ધ કરવા આ માટે પૂરેપૂરી તાસિકા આપવાની છે.
- ઉદ્દેશ્ય–વિધેય, નામ, સર્વનામ, વિશેષણ, ક્રિયાપદ, કાળ વગેરે વ્યાકરણની રજૂઆત જ્ઞાનરચનાવાદને આધારિત કરેલી છે. માટે તેનું અધ્યયન પણ પારંપારિક પદ્ધતિથી કરાવવાનું ટાળી સ્વયં અધ્યયન દ્વારા જ કરવાની અપેક્ષા છે.
- ચિત્રવાર્તાનાં ચિત્રોનું નિરીક્ષણ કરાવી વિવિધ પ્રશ્નોત્તરની મદદથી વાર્તાનો વિસ્તાર કરવો. તે કરાવતાં પહેલાં 'બાર જણાં' (ધોરણ – પાંચ, બાલભારતી) કવિતા ગવડાવવાથી વાર્તા સમજવી બાળકો માટે ઘણી આસાન થશે.
- 'શબ્દરમત', 'વાંચો, વિચારો અને નક્કી કરો', જેવા ઉપક્રમો શબ્દભંડોળ વિકસાવવા માટે છે. શિક્ષકોએ પોતાના મૌલિક ઉપક્રમો તૈયાર કરીને શબ્દસંપત્તિ વધારવાનો પ્રયત્ન કરવો.
- 'શબ્દો વર્ણમાળાના ક્રમ મુજબ ગોઠવો' આ પ્રવૃત્તિથી બાળકોને શબ્દકોશાભિમુખ કરવા પ્રયત્ન કરવો.
- આજે વિસરાઈ ગયેલી રમતોથી પરિચિત કરાવવા માટે પત્રલેખનનો વિષય પસંદ કર્યો છે. શાળામાં આવી કોઈ રમતો રમાડવાનો ઉપક્રમ જરૂર યોજવો.

# અનુક્રમણિકા


| અ.ક્ર. | વિષય | કવિ/લેખક | પૃષ્ઠ ક્ર. |
|---|---|---|---|
| ૧. | સૌનું કરો કલ્યાણ | જાદવદાસ | ૧થી ૩ |
| ૨. | લુચ્ચો વરસાદ | કાકાસાહેબ કાલેલકર | ૪થી ૮ |
| * | ઉદ્દેશ્ય અને વિધેય | ........ | ૯, ૧૦ |
| ૩. | ચિત્ર ગયું બદલાઈ | કીર્તિદા બ્રહ્મભટ્ટ | ૧૧થી ૧૪ |
| * | નામ | ........ | ૧૫, ૧૬ |
| ૪. | નાની અમથી ઉદારતા | દેવેશ મહેતા | ૧૭થી ૨૨ |
| * | શબ્દરમત | ........ | ૨૩ |
| ૫. | ચાંદામામા | ડૉ. નટુભાઈ પ્ર. પંડ્યા | ૨૪થી ૨૬ |
| * | સર્વનામ | ........ | ૨૭, ૨૮ |
| ૬. | ઈતિશ્રીનું સાહસ | પોપટલાલ મંડલી | ૨૯થી ૩૩ |
| * | વાંચો, વિચારો અને નક્કી કરો | ........ | ૩૪ |
| ૭. | ફૂલડાંનો દરબાર | વીણાબહેન એસ. સુતરિયા | ૩૫થી ૩૮ |
| * | વિશેષણ | ........ | ૩૯, ૪૦ |
| ૮. | ધરતી ધ્રુજે તો ... | ........ | ૪૧થી ૪૭ |










| અ.ક્ર. | વિષય | કવિ/લેખક | પૃષ્ઠ ક્ર. |
|---|---|---|---|
| ૯. | સમજુ વાંદરા  | મનહર બી. પંચાલ | ૪૮થી ૫૧ |
| * | પત્રલેખન | ........ | ૫૨થી ૫૫ |
| * | ક્રિયાપદ | ........ | ૫૬ |
| ૧૦. | બહુ રે ગમે  | અશ્વિન ચંદારાણા | ૫૭થી ૫૯ |
| * | કાળ | ........ | ૬૦, ૬૧ |
| ૧૧. | વરુ અને ઘેટું | ગિજુભાઈ બધેકા | ૬૨થી ૬૫ |
| * | વાંચો, વિચારો અને નક્કી કરો | ........ | ૬૬ |
| ૧૨. | શ્યામની મા  | નટવરલાલ દવે | ૬૭થી ૭૦ |
| * | વાક્યપ્રકાર  | ........ | ૭૧ |
| ૧૩. | કોલાજ (મારો પ્રિય ક્રિકેટર) | ........ | ૭૨થી ૭૪ |
| ૧૪. | ઝિન્દાબાદ, ઝિન્દાબાદ ! | હસિત બૂચ | ૭૫થી ૭૮ |
| ૧૫. | ભારતની પ્રથમ રેલ્વે | ........ | ૭૯થી ૮૨ |
| * | બિલાડી અને મગર  | ચંપાબહેન ગુર્જર | ૮૩થી ૮૬ |
| * | ચિત્રવાર્તા | ........ | ૮૭, ૮૮ |

2JNH4T

# સૌનું કરો કલ્યાણ





સૌનું કરો કલ્યાણ, દયાળુ પ્રભુ
સૌનું કરો કલ્યાણ
નરનારી પશુપક્ષીની સાથે,
જીવજંતુનું તમામ ... દયાળુ
જગ વાસી સૌ સુખ ભોગવે,
આનંદે રહી આઠે જામ ... દયાળુ
દુનિયામાં દરદ દુકાળ પડે નહિ,
લડે નહિ કોઈ ગામ ... દયાળુ
સર્વ જગે સુખાકારી વધે ને,
વળી વધે ધનધાન્ય ... દયાળુ
કોઈ કોઈનું બૂરું ન ઇચ્છે,
સૌનું ઇચ્છે કલ્યાણ ... દયાળુ
પોતપોતાના ધર્મ પ્રમાણે,
સર્વ ભજે ભગવાન ... દયાળુ
જાદવદાસના દાસ પોકારે,
પ્રેમે કરી પરણામ ... દયાળુ

- જાદવદાસ



## શિક્ષક - વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- કલ્યાણ, દયાળુ, તમામ, જગ, દરદ, બૂરું જેવા શબ્દોના અર્થ જુદાંજુદાં વાક્યોની મદદથી વિદ્યાર્થીઓ પાસેથી કઢાવવા.
- સૌનું કલ્યાણ કરવામાં કોના કોના કલ્યાણની વાત છે તેની પ્રશ્નો દ્વારા ચર્ચા
- દુનિયામાં શું હોવું અને શું ન હોવુંની વાત પ્રાર્થનામાં આવે છે તે બાબત વિસ્તૃત ચર્ચા

## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં કયા શબ્દો વપરાયા છે ?**

૧) વંદન – .................... ૨) ભલું – ........................

૩) પીડા – .................... ૪) અનાજ – ........................

૫) ખરાબ – .................... ૬) બધા – ........................

**સ. ૨ એક શબ્દમાં જવાબ લખો.**

૧) પ્રભુ કેવા છે ? ....................................

૨) જગતના લોકો શું ભોગવશે ? ....................................

૩) દુનિયામાં શું પડશે નહિ ? ....................................

૪) કોઈ કોઈનું કેવું ઇચ્છશે નહિ ? ....................................

૫) લોકો શેના પ્રમાણે ભગવાનને ભજશે ? ....................................

**સ. ૩ વિરોધી અર્થવાળા શબ્દ કૌંસમાંથી પસંદ કરીને લખો.**

(અધર્મ, ભલું, નિર્દય, દુ:ખ, શોક, ઘટે)

૧) દયાળુ × ..................... ૨) સુખ × .....................

૩) આનંદ × ..................... ૪) વધે × .....................

૫) બૂરું × ..................... ૬) ધર્મ × .....................

**સ. ૪ ખાલી જગ્યામાં કવિતામાંથી યોગ્ય શબ્દ પસંદ કરી લખો.**

૧) નરનારી ........................ સાથે, જીવજંતુનું તમામ

૨) દુનિયામાં .............................. દુકાળ પડે નહિ.

૩) સર્વ જગે સુખાકારી વધે ને, વળી વધે ...................

૪) પોતપોતાના ધર્મ પ્રમાણે, ................ ભજે ભગવાન.

૫) જાદવદાસના દાસ પોકારે, પ્રેમે કરી ......................

સ. ૫ ‘સૌ’ અને ‘તમામ’ આ બંને શબ્દોના સમાન અર્થ છે તેવી રીતે બીજા કયા કયા સરખા અર્થ ધરાવતા શબ્દોની જોડી છે ? તે કાવ્યમાંથી શોધીને લખો.

૧) .............................. ૨) ..........................

સ. ૬ કવિતામાંથી પ્રાસયુક્ત શબ્દોની જોડી શોધીને લખો.

૧) .............................. ૨) ..........................

સ. ૭ સાચા શબ્દ ફરતે ગોળ ◯ કરો.

| | | | |
|---|---|---|---|
| ૧) | કલીયાણ | કલયાણ | કલ્યાણ |
| ૨) | દૂનિયા | દુનિયા | દુનીયા |
| ૩) | બુરું | બુરૂ | બૂરું |
| ૪) | પ્રણામ | પરણામ | પ્રનામ |

- યાદ રાખો : આનંદે રહી આઠે જામ = આખો દિવસ આનંદમાં રહેવું.

## હું વાંચું ............ તમે પણ વાંચો

### હે જગત્રાતા વિશ્વવિધાતા

હે જગત્રાતા વિશ્વવિધાતા
હે સુખ – શાંતિ – નિકેતન હે !
પ્રેમ કે સિંધુ, દીન કે બંધુ,
દુ:ખ દરિદ્ર વિનાશક હે !
નિત્ય અખંડ અનંત અનાદિ,
પૂરણ બ્રહ્મ સનાતન હે !
જગ – આશ્રય, જગ – પતિ, જગ – વંદન,
અનુપમ, અલખ નિરંજન હે !
પ્રાણસખા, ત્રિભુવન – પ્રતિપાલક,
જીવન કે અવલંબન હે !

– રવીન્દ્રનાથ ઠાકુર



પ્રાર્થના કુદરતની નજીક જવાનો રસ્તો છે.

# લુચ્ચો વરસાદ



હું તો હવેથી આ વરસાદ સાથે નથી રમવાનો. એ બહુ લુચ્ચો છે. બપોરે હું સૂઈને ઊઠ્યો ત્યારે બારણાં બંધ હતાં. બહાર વરસાદ વરસતો હતો. તેનો અવાજ આવતો હતો. મને લાગ્યું કે તે હસે છે. ખરેખર એના અવાજ પરથી તો તે હસતો જણાતો હતો. હું દોડતો – દોડતો બહાર તેની સાથે રમવા માટે ગયો. ત્યાં જઈને જોઉં છું તો ભાઈસા'બ ધોધમાર રુએ છે !

પરમ દહાડે બપોરે હું તેની સાથે ખૂબ રમ્યો. પણ જતી વખતે મેં એને કહ્યું કે આવતી કાલે સવારે તો મારે નિશાળે જવાનું છે, માટે તું બપોરે આવે તો આપણે ખૂબ રમીએ. પણ એ લુચ્ચો તો સવારે જ આવ્યો. ભલે, એ જો સવારે વહેલો આવ્યો હોત તો બહાનું કાઢીને નિશાળે તો ન જાત ! પણ એનો વિચાર તો મને ખાસ પજવવાનો હતો એટલે વહેલો આવે જ શાનો ? અમે લગભગ નિશાળે પહોંચવા આવ્યા ત્યારે રસ્તામાં જ મળ્યો અને બોલ્યો, "ચાલો રમવા." એ તે કેમ બને ?

નિશાળે જતાં વાર થઈ તેથી ડરના કારણે હું ધ્રૂજતો હતો. મહેતાજીને લાગ્યું કે હું વરસાદમાં પલળીને ઠરી ગયો તેથી ધ્રૂજતો હોઈશ.



વરસાદનો સ્વભાવ કેટલો વિચિત્ર ! જ્યારે જ્યારે એની સાથે રમવા જાઉં છું ત્યારે કદી સીધી રીતે એ રમતો જ નથી. પોતે પહેલો પડે છે અને પછી મને પણ સાથે પાડે છે. એ પડે છે ત્યારે એને તો કંઈયે વાગતું નથી, પણ મને તો વાગે છે, અને મારાં કપડાં પણ બગડે છે, તે વધારાનું. મારું દુઃખ જોઈ તે મોઢેથી હસે છે અને આંખોથી રુએ છે.

રાત્રે પણ એ નિરાંતે સૂતો નથી. મેં એને કેટલીય વાર કહ્યું કે ઉનાળામાં આવજે. તડકો બહુ પડે છે, ત્યારે તારી સાથે રમવું મને બહુ ગમે ; પણ ઉનાળામાં તો એ ભાઈ ભાગ્યે જ પધારે છે.

કોઈ દહાડો બહાર જતી વખતે જો હું સાથે છત્રી લેતાં ભૂલી ગયો હોઉં તો એ જરૂર આવતો, પણ જો હું મારી પેલી નવી સ્વદેશી છત્રીનો ભાર સાથે ઉપાડીને ફરું તો એ દૂરથી જ ડોકિયું કરે.



મોર સાથે પણ એ એવા જ ચાળા કરે છે. ભલેને મોર એની તરફ જોઈ–જોઈને એને આખો દહાડો બોલાવ બોલાવ કરે. પણ એ આવે જ નહિ અને પછી ઓચિંતો આવીને હસતો હસતો એટલા જોરથી એના પર કૂદી પડે કે મોરનાં સુંદર આંખોવાળાં પીંછાં ભીંજવી નાખે અને બિચારાની બધી શોભા બગાડી નાખે.

ચકલીને પણ એનો તોફાની સ્વભાવ નથી ગમતો. કૂકડો તો એનાથી ત્રાસી જ જાય છે. ગાય–બળદને પણ એમ જ હેરાન કરે છે. બકરાં તો એનાથી એટલાં ગભરાય કે વાત ન પૂછો.

બસ, એક બતક અને ભેંસ, એ બે એનાથી બહુ ખુશ–ખુશ રહે છે, પણ હું તો નથી ધોળું બતક કે નથી કાળી ભેંસ, માટે હું તો હવેથી આવા વરસાદ સાથે રમવાનો નથી.

- કાકાસાહેબ કાલેલકર

### શિક્ષક - વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- વર્ષની ત્રણ ઋતુ અને તેની વિશિષ્ટતાની ચર્ચા
- વિદ્યાર્થીઓની પ્રિય ઋતુ કઈ, શા માટે તે બાબત દરેક વિદ્યાર્થીનાં મંતવ્યો જાણવાં
- ચોમાસાની વિશેષતા – તેના લાભાલાભની પ્રશ્નોત્તર દ્વારા વિસ્તૃત ચર્ચા
- ચોમાસામાં વિદ્યાર્થીઓને પડતી મજા અને મુશ્કેલીઓ
- પ્રાણીઓ ઉપર થતી ચોમાસાની અસર બાબત ચર્ચા

## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં કયા શબ્દો વપરાયા છે ?**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | કપટી – | ........................ | ૨) | પુષ્કળ – | ...................... |
| ૩) | દિવસ – | ........................ | ૪) | શાળા – | ...................... |
| ૫) | ભય – | ........................ | ૬) | વજન – | ...................... |
| ૭) | અચાનક – | ........................ | ૮) | પરેશાન – | ...................... |

**સ. ૨ એક વાક્યમાં જવાબ લખો.**

૧) બાળકને વરસાદ સાથે રમવાનું કઈ ઋતુમાં ગમે છે ?
જવાબ : ..........................................................................

૨) વરસાદ ક્યા ક્યા પશુ–પક્ષીને ગમે છે ?
જવાબ : ..........................................................................

૩) વરસાદ ક્યા ક્યા પશુ–પક્ષીને હેરાન કરે છે ?
જવાબ : ......................................................................

**સ. ૩ શબ્દપ્રયોગ અને તેના અર્થને યોગ્ય રીતે જોડો અને જવાબ વચ્ચે લખો.**

| | | |
|---|---|---|
| ૧) બહાનું કાઢવું | ............................ | ઠંડું થઈ જવું |
| ૨) વાર થવી | ............................ | છૂપી રીતે જોવું |
| ૩) ઠરી જવું | ............................ | ખોટું કારણ આપવું |
| ૪) ડોકિયું કરવું | ............................ | મોડું થવું |

**સ. ૪ કૌંસમાંથી પસંદ કરી યોગ્ય વિરોધી અર્થવાળો શબ્દ લખો.**

(છાંયો, મોડો, જૂની, ભોળું, નાખુશ, સુખ, સાંજ, નજીક)

૧) લુચ્ચું × ...................... ૨) વહેલો × ....................
૩) ખુશ × ...................... ૪) દુઃખ × ....................
૫) સવાર × ...................... ૬) તડકો × ....................
૭) નવી × ...................... ૮) દૂર × ....................

**સ. ૫ અધૂરાં વાક્યો પૂરાં કરો.**



૧) ત્યાં જઈને જોઉં છું તો ભાઈસા'બ ................................
૨) મારું દુઃખ જોઈ તે મોઢેથી ......................................
૩) રાત્રે પણ એ ......................................................
૪) બકરાં તો એનાથી એટલાં ગભરાય કે ............................
૫) વરસાદનો સ્વભાવ કેટલો ........................................



**સ. ૬ નીચેનાં વાક્યોમાં યોગ્ય વિરામચિહ્ન મૂકો.**

૧) ત્યાં જઈને જોઉં છું તો ભાઈસા'બ ધોધમાર રુએ છે
૨) એ જો સવારે વહેલો આવ્યો હોત તો બહાનું કાઢીને નિશાળે તો ન જાત
૩) અમે લગભગ નિશાળે પહોંચવા આવ્યા ત્યારે રસ્તામાં જ મળ્યો અને બોલ્યો ચાલો રમવા

સ. ૭ સાચા શબ્દ નીચે લીટી દોરો.

| | | | |
|---|---|---|---|
| ૧) | લુચચો | લુચ્ચો | લુચ્ચો |
| ૨) | વીચિત્ર | વિચીત્ર | વિચિત્ર |
| ૩) | ધ્રૂજવું | ધ્રુજવું | ધરુજવું |
| ૪) | સવદેસી | સ્વદેશી | શ્વદેસી |

◆ યાદ રાખો : મોઢેથી હસે છે અને આંખોથી રુએ છે. = ઝરમર વરસતા વરસાદને જોઈ લાગે કે તે હસી રહ્યો છે. ધોધમાર વરસાદને જોઈ લાગે કે તે રડી રહ્યો છે.

ચાળા કરવા – નખરા દ્વારા ખીજવવું

## હું વાંચું ............ તમે પણ વાંચો

### વરસાદ



જુઓને બાળકો ઉપર જુઓ ;
જુઓને બાળકો નીચે જુઓ ;
કેવો મજાનો આજ વરસાદ થયો.
કાળાં ભમ્મરિયાં વાદળ આવ્યાં ;
હાથી ઘોડાના આકારો થયા ;
ચારે તરફ અંધકાર થયો ......... કેવો.
વીજળીના ચમકારા થયા,
વાંકા ને લાંબા લિસોટા થયા ;
આંખે અંજાતો ઝબકારો થયો ........ કેવો.
ઝરમર ઝરમર ટીપાં પડ્યાં,
જાણે કે મોતીના દાણા પડ્યા ;
ટપ ટપ છાપરે અવાજ થયો ....... કેવો.
શેરીમાં ગારાના ગોટા થયા,
ગોળ ગોળ એના લાડુ કર્યા ;
ટબૂકડો દોસ્ત ખૂબ રાજી થયો .......... કેવો.
છબછબિયાંની રમત રમ્યા,
કાગળનાં હોડકાં ખૂબ તર્યાં ;
આનંદ વરસ્યો જાણે ભગવાનનો .......... કેવો.

– રસિક જોષી

વરસાદ ધનધાન્ય ઉગાડી સમૃદ્ધિ વધારે છે.

## ઉદ્દેશ્ય અને વિધેય

**જે શબ્દોના સમૂહ દ્વારા પૂર્ણ અર્થ સમજાય તેને વાક્ય કહેવાય છે.**

- નીચેનાં વાક્યો ધ્યાનપૂર્વક વાંચો.



૧) ગંગા પવિત્ર નદી છે.
૨) રાજુને દૂધ ભાવે છે.
૩) મયંક ખો–ખો રમે છે.
૪) હું રાજકોટની બાંધણી લાવી.
૫) ખેડૂતે ખેતરમાં બી વાવ્યાં.
૬) ડૉક્ટર દર્દીઓની સારવાર કરે છે.
૭) અકબર રાજા દરબાર ભરીને બેઠા છે.
૮) મોટી મૂર્તિ સુંદર દેખાતી હતી.
૯) રામ, લક્ષ્મણ, સીતા વનમાં ગયાં.
૧૦) રાષ્ટ્રીય તહેવારો ઐતિહાસિક ઘટનાઓની યાદ અપાવે.

- હવે ઉપરનાં વાક્યોને આધારે નીચેના પ્રશ્નો વિચારો.

| | | |
|---|---|---|
| ૧) | કઈ નદી પવિત્ર છે ? | ગંગા નદી કેવી છે ? |
| ૨) | કોને દૂધ ભાવે છે ? | રાજુને શું ભાવે છે ? |
| ૩) | ખો–ખો કોણ રમે છે ? | મયંક કઈ રમત રમે છે ? |
| ૪) | રાજકોટની બાંધણી કોણ લાવ્યું ? | હું શું લાવી ? |
| ૫) | ખેતરમાં બી કોણે વાવ્યાં ? | ખેડૂતે શું કર્યું ? |
| ૬) | દર્દીઓની સારવાર કોણ કરે છે ? | ડોક્ટર શું કરે છે ? |
| ૭) | દરબાર ભરીને કોણ બેઠું છે ? | અકબર રાજા શું ભરીને બેઠા છે ? |
| ૮) | કઈ મૂર્તિ સુંદર દેખાતી હતી ? | મોટી મૂર્તિ કેવી દેખાતી હતી ? |
| ૯) | વનમાં કોણ કોણ ગયું ? | રામ, લક્ષ્મણ, સીતા ક્યાં ગયાં ? |
| ૧૦) | ઐતિહાસિક ઘટનાઓની યાદ કોણ અપાવે ? | રાષ્ટ્રીય તહેવારો શેની યાદ અપાવે ? |

ઉપરનાં વાક્યો વાંચો – દરેકના આધારે પૂછેલા પ્રશ્નો વિશે વિચારો અને પછી પાછળ આપેલો કોઠો પૂર્ણ કરો.

| વાક્ય ક્રમાંક | કોના વિશે વાત છે ? | કઈ/શું વાત છે ? |
|---|---|---|
| ૧ | ગંગા | પવિત્ર નદી છે. |
| ૨ | | |
| ૩ | | |
| ૪ | | |
| ૫ | | |
| ૬ | | |
| ૭ | | |
| ૮ | | |
| ૯ | | |
| ૧૦ | | |

દરેક વાક્યના બે ભાગ હોય છે.

૧) ઉદ્દેશ્ય (વિષય–કર્તા)   ૨) વિધેય (કર્મ)

- જેના વિશે વાત કરી હોય તે પ્રથમ ભાગ – જેને ઉદ્દેશ્ય કહેવાય.
- જે વાત કરી હોય તે વાક્યનો બીજો ભાગ – તેને વિધેય કહેવાય.

## સ્વાધ્યાય

- **નીચેનાં વાક્યોમાંથી ઉદ્દેશ્ય ઓળખો.**

૧) અનાજ ખેતરમાં ઊગે છે.

૨) માળી ફૂલોની માવજત કરે છે.

૩) દિવાળી બધા લોકો ઊજવે છે.

૪) ગિરનાર પર્વત જૂનાગઢમાં છે.

૫) કદંબનાં વૃક્ષો યમુના કિનારે છે.

૬) કેરી ફળોનો રાજા છે.

- **નીચેનાં વાક્યોમાંથી વિધેય ઓળખો.**

૧) સૈનિકો દેશની રક્ષા કરે છે.

૨) જુવાર મહારાષ્ટ્રનો મુખ્ય પાક છે.

૩) પંચામૃત પાંચ પદાર્થોનું બને છે.

૪) મંદિરમાં આરતી થાય છે.

૫) બાળકો ઈશ્વરના દૂત છે.

૬) પક્ષીઓ પરોઢિયે કલરવ કરે છે.

# ચિત્ર ગયું બદલાઈ

એક દિવસ પીંછીં લઈ રામુ કંઈક ચીતરવા બેઠો,
સરસ મજાનો રંગ ભરીને કરે લસરકો હેઠો.

ઘડીક વાર એ રંગ જુએ ને ઘડીક જુએ આકાશ,
પળમાં પીંછીં બોળીને એ કંઈક ચીતરતો ખાસ.

ચિત્ર રૂડું ત્યાં એણે કીધું આભ સાંજનું દોરી દીધું,
પીંછી મૂકી દઈ બાજુએ કામ બધું સંકોરી લીધું.

ને એવામાં રાત પડી ગઈ રંગ ગયા ક્યાં ઊડી,
રામુએ લઈ રંગ શ્યામ ને આભ દીધું ઢબૂરી.

ત્યાં તો દીઠો ચાંદલિયો ને દીઠા ટમટમ તારા,
રામુએ પાછા પીંછીથી ચીતર્યા રે ચમકારા.

ત્યાં જ પડી ગઈ સવાર, આભનું ચિત્ર ગયું બદલાઈ,
પંખી કલરવ કરતાં ગાતાં તેજ ગયું પથરાઈ.

રામુ મૂંઝાતો બેઠો કે કેમ કરી ચીતરવું,
સાંજ ઉપર તો રાત કરી પણ અજવાળું ક્યાં ભરવું ?

- કીર્તિદા બ્રહ્મભટ્ટ



## શિક્ષક - વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- વિદ્યાર્થીઓને શું શું કરવું ગમે, તેની ચર્ચા
- ભણવામાં સૌથી વધારે કયા વિષય ગમે, કયા વિષય ન ગમે ; તેના વ્યક્તિગત વિચારો મેળવવા.
- ચિત્રકામના વિવિધ વિષયો–કુદરતી દૃશ્યો બાબત ચર્ચા
- કવિતાના વિષયવસ્તુની આછી રૂપરેખા પ્રશ્નોત્તરની મદદથી તૈયાર કરવી.
- દિવસ દરમિયાન કુદરતમાં થતા ફેરફાર

## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં કયા શબ્દો વપરાયા છે ?**

૧) નીચો – ...................... ૨) થોડીક – ........................

૩) સારું – ...................... ૪) સમેટી – ........................

૫) કાળો – ...................... ૬) ચાંદો – ........................

**સ. ૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી તે ક્રમાંકને રંગો.**

૧) રામુ શું લઈને ચીતરવા બેઠો ? ① ② ③ ④

૧) રંગ ૨) ચોક ૩) પેન્સિલ ૪) પીંછી

૨) રામુએ ક્યા સમયનું આભ દોરીને પીંછી મૂકી દીધી? ① ② ③ ④

૧) સવાર ૨) સાંજ ૩) બપોર ૪) રાત

૩) રાત બતાવવા રામુએ કયો રંગ વાપર્યો ? ① ② ③ ④

૧) શ્યામ ૨) લીલો ૩) ભૂરો ૪) વાદળી

૪) પંખીઓ કલરવ ક્યારે કરે છે ? ① ② ③ ④

૧) સાંજે ૨) બપોરે ૩) સવારે ૪) રાતે

૫) છેવટે રામુને શું બતાવતાં મૂંઝવણ થઈ ? ① ② ③ ④

૧) અંધારું ૨) અજવાળું ૩) તારા ૪) ચાંદો

**સ. ૩ એક વાક્યમાં જવાબ લખો.**



૧) રામુએ શેનું ચિત્ર દોર્યું ?

જવાબ : ..........................................................................

૨) આભનું ચિત્ર ક્યારે બદલાઈ ગયું ?

જવાબ : ..........................................................................

૩) રામુએ રાતે આકાશમાં શું શું જોયું ?

જવાબ : ..........................................................................

૪) રામુને ચિત્રમાં શું બતાવવાની મૂંઝવણ થઈ ?

જવાબ : ..........................................................................

૫) રામુએ રંગ શેના વડે પૂર્યા ?

જવાબ : ..........................................................................

**સ. ૪ નીચેના શબ્દના વિરોધી અર્થવાળા શબ્દ કાવ્યમાંથી શોધી લખો.**

૧) નીચે × ......................  ૨) ખરાબ × ......................

૩) સાંજ × ......................  ૪) અંધારું × ......................

૫) ધરતી × ......................  ૬) રાત × ......................

**સ. ૫ કાવ્યપંક્તિને યોગ્ય રીતે જોડી નીચે ફરી લખો.**

૧) ઘડીક વાર એ રંગ જુએ .......... પણ અજવાળું ક્યાં ભરવું ?

૨) ચિત્ર રૂડું ત્યાં એણે કીધું .......... દીઠા ટમટમ તારા.

૩) ત્યાં તો દીઠો ચાંદલિયો ને .......... તેજ ગયું પથરાઈ.

૪) પંખી કલરવ કરતાં ગાતાં .......... ને ઘડીક જુએ આકાશ.

૫) સાંજ ઉપર તો રાત કરી .......... આભ સાંજનું દોરી દીધું.



જવાબ : ૧) ..........................................................................

૨) ..........................................................................

૩) ..........................................................................

૪) ..........................................................................

૫) ..........................................................................

સ. ૬ ચિત્રકામના પિરિયડમાં જેમ રંગ અને પીંછી જોઈએ તેમ નીચેના પિરિયડમાં શેની જરૂર પડે તે લખો.

૧) હસ્તકામ –

૨) માટીકામ –

૩) સીવણકામ –

સ. ૭ સાચા શબ્દની નીચે ● આવી નિશાની કરો.

| | | | |
|---|---|---|---|
| ૧) | ચાંદલિયો | ચાનદલીયો | ચાંદલીયો |
| ૨) | મુંજાતો | મૂંઝાતો | મુંઝાતો |
| ૩) | ઢબૂરિ | ઢબુરી | ઢબૂરી |
| ૪) | પીંછીં | પિછી | પીંછી |

◆ યાદ રાખો : શ્યામ રંગથી આભ ઢબૂરી દીધું – કાળા રંગથી આકાશ રંગી દીધું.
ઢબૂરવું – ક્યાંયથી હવા ન આવે તેવી રીતે ઓઢાડવું.

## હું વાંચું ............ તમે પણ વાંચો

### પરી



મેં પણ રાતે સપનું જોયું, સપનામાં એક પરી !
એણે મારી બંધ આંખ પર મીઠી ચૂમી ભરી.
એણે પૂછ્યું, 'આવવું છે કે દૂર વાદળને દેશ ?'
એવું લાગે ખુશીઓનો એ લાવી'તી સંદેશ.



આખી રાત એણે બેસીને કેટલી વાતો કરી !
પછી અમે બે આભના રસ્તે સાથે સાથે ઊડ્યાં,
કલ્પનાઓની પાંખ ખોલીને, વાતોમાં કંઈ ખુલ્યાં,
મારી સાથે એ પણ જાણે બાળક થઈ ગઈ જરી,
મેં પણ રાતે સપનું જોયું, સપનામાં એક પરી !

– આશા પુરોહિત

ચિત્રકાર પોતાની કલા દ્વારા રમણીય સ્થળનો પ્રવાસ કરાવે છે.

# નામ



- વધુ ત્રણ–ત્રણ નામો ઉમેરો :

૧. છોકરીઓ : રેખા, મીના, ..........., ............., .............

૨. છોકરા : અનિલ, ઉમેશ, ............., .............., ...........

૩. શહેર : મુંબઈ, દિલ્હી, .............., .............., ............

૪. પ્રવાહી : પાણી, તેલ, ............., ............., ................

૫. સમૂહ : ટોળું, જૂથ, લૂમ, ............, ............., ............

૬. ભાવ : સુંદરતા, ભલાઈ, ચતુરાઈ, ........., .........., ..........

- વધુ ત્રણ–ત્રણ નામો ઉમેરો અને ચિત્રો દોરો અથવા ચોંટાડો :

૧. ફળ


મોસંબી


સંતરા

............. ............. .............

૨. ફૂલ


ગુલાબ


જાસુદ

............. ............. .............

૩. પશુ


ગાય


ભેંસ

............. ............. .............

૪. અંગ (અવયવ)


હાથ


પગ

............. ............. .............

૫. વાહન


રિક્ષા


મોટર

............. ............. .............

## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના જૂથમાંના શબ્દોમાંથી નામ ઓળખી તેનો ક્રમાંક ખાનામાં લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | ૧) મુંબઈ | ૨) ઉપર | ૩) છે | ૪) મોટું | |
| ૨) | ૧) ઉદાર | ૨) ઉદારતા | ૩) નવું | ૪) નહિ | |
| ૩) | ૧) મને | ૨) સરસ | ૩) મોટર | ૪) ગમે છે | |
| ૪) | ૧) તેનો | ૨) હોંશિયાર | ૩) ભાઈ | ૪) નથી | |

**સ. ૨ નીચેનાં વાક્યોમાંથી નામ શોધી બાજુમાં લખો.**

૧) તેઓ સામાન લઈ બહારગામ જાય છે. ..................................

૨) પેટ્રોલ ઘણું મોંઘું છે. ..................................

૩) છ જૂથ પાડી ઊભા રહો. ..................................

૪) વધુ ચોકલેટ ખાવી નહિ. ..................................

૫) તમે રિક્ષા બોલાવી લાવો. ..................................

૬) બધાંને કેરી ભાવે છે. ..................................

૭) આરતી બધાને ગમે છે. ..................................

૮) દરરોજ વ્યાયામ કરો. ..................................

૯) કૂતરા વફાદાર હોય છે. ..................................

૧૦) થોડી માનવતા તો બતાવો. ..................................

- નીચે આપેલા શબ્દોને વર્ણમાળાના ક્રમ પ્રમાણે ગોઠવો.

સપનું, ઉદારતા, ચોકલેટ, વ્યાયામ, હોંશિયાર, કમળ, ભેંસ, જાસૂદ, વાહન, કૂતરા, ઇયળ, કેરી, માનવતા, રિક્ષા, આરતી





# નાની અમથી ઉદારતા

2KGJ9R

અમેરિકાના મેરીલેન્ડમાં મેડિકલ કૉલેજમાં અભ્યાસ કરતો એક વિદ્યાર્થી. એની એવી ઇચ્છા કે જાતમહેનતથી પૈસા કમાઈ કોલેજનો ખર્ચો પૂરો કરવો. ઉનાળાનું વેકેશન પડતાં તે ઘેર ઘેર ફરી પુસ્તકો વેચતો.

ઘણીવાર એને પુસ્તકો વેચવા દૂરદૂર ચાલીને જવું પડતું. એકવાર એ પુસ્તકોના વેચાણ માટે ઘણે દૂર નીકળી ગયો. ત્યાં ખેતીવાડી અને પશુપાલનનો વ્યવસાય કરતા લોકોના એક ઘર આગળ આવી પહોંચ્યો. ભૂખ અને તરસથી પીડાતા એ યુવકે તે ઘરનું બારણું ખખડાવ્યું. ઘરમાંથી એક છોકરી બહાર આવી. યુવકે પોતાના આગમનનું કારણ કહ્યું. બગલથેલામાં રાખેલાં થોડાં પુસ્તકો બતાવ્યાં અને ઉપયોગી પુસ્તક ખરીદવા આગ્રહ કર્યો. તે છોકરીએ રડમસ અવાજે પણ મધુરતાથી કહ્યું, 'ભાઈ, મારે પિતા નથી. પુસ્તક ખરીદવાનું મને તો મન થાય છે પણ અમારી પાસે તે માટે પૈસા નથી.'

પેલો યુવક પરિસ્થિતિ પામી ગયો. તેણે પુસ્તક ખરીદવા આગ્રહ કર્યો નહિ. તેણે છોકરીને કહ્યું, 'મને ખૂબ તરસ લાગી છે. શું તમે મને પાણી આપશો કે ?' પેલી છોકરી તેને અંદર લઈગઈ. ખુરશી પર બેસાડ્યો અને કહ્યું, 'અમે પશુપાલનનો ધંધો કરીએ છીએ





તેથી અમારે ત્યાં દૂધ ઘણું છે. તેથી પાણીને બદલે દૂધ જ આપું છું. એનાથી તમારી તરસ છીપશે અને ભૂખ પણ દૂર થશે.' તે એક મોટો પ્યાલો ભરીને ઠંડું દૂધ લઈ આવી. પેલો યુવક તે ગટગટાવી ગયો. છોકરી ફરીથી બીજો પ્યાલો દૂધ ભરી લાવી. યુવકે જરાય આનાકાની કર્યા વિના એ પણ પી લીધું, થોડી હાશ વળતાં તેણે ખિસ્સામાંથી પાકીટ કાઢ્યું અને કહ્યું, 'દૂધના કેટલા પૈસા આપું ?' છોકરીએ સ્નેહથી કહ્યું, 'ભાઈ, આના પૈસા લેવાના નથી. મેં મારી મરજીથી દૂધ પીવડાવ્યું છે. તમે તો ફક્ત પાણી જ માગ્યું હતું ને ?' યુવકે કહ્યું, 'મારા જેવા અજાણ્યાને શા માટે મફતમાં દૂધ પીવડાવ્યું ?'

તેણે જવાબ આપ્યો, 'મારી માતાએ મને શિખવાડ્યું છે કે આપણે ભલે સાધન – સંપત્તિથી ગરીબ હોઈએ, પણ આપણું હૃદય કદીય ગરીબ ન રાખવું. આપણા હૈયાના પ્રેમ, ઉદારતા, સેવાપરાયણતા જેવા સદ્‌ગુણોના ઝરણાને સૂકાવા ના દેવું.'

ઘણાં વર્ષો બાદ અમેરિકાના અતિ વિખ્યાત ચિકિત્સક ડૉ. હાર્વર્ડ એ. કેલી એક હૉસ્પિટલમાં દર્દીઓની વિઝિટ લઈ રહ્યા હતા. ગંભીર બીમારીમાં પટકાયેલી એક યુવતીના ખાટલા પાસે આવ્યા ત્યારે તેને જોઈને ચમકી ગયા. એ એને ઓળખતા હતા. પણ યુવતી એમને ઓળખતી હોય એવું ના લાગ્યું. ડૉક્ટરે એની બીમારીનો ઊંડાણથી અભ્યાસ કર્યો.

એને જનરલ વૉર્ડમાંથી સ્પેશિયલ રૂમમાં લઈ જવામાં આવી. વી. આઈ. પી. વ્યક્તિ હોય તેમ એની સારવારમાં ડૉક્ટરની ટુકડી હાજર રહેતી. ડૉ. કેલી પણ દિવસમાં બે વાર આવી તપાસતાં અને જાતજાતની સારવાર આપતા. ડૉક્ટરોની તનતોડ મહેનતથી મોતના મુખ સુધી પહોંચી ગયેલી યુવતી બચી ગઈ. તે સંપૂર્ણ સાજી થઈ ગઈ. એક દિવસ નર્સે આવીને કહ્યું, 'તમે એકદમ સાજા થઈ ગયા છો. મોટા ડૉક્ટરે તમને ઘરે જવાની છૂટ આપી છે. તમને કાલે ડિસ્ચાર્જ આપવામાં આવશે.' હવે તેને ચિંતા થવા લાગી. આવી સગવડ અને મોંઘી સારવારનો ખર્ચ કેટલો બધો આવશે ! હું કેવી રીતે તે ચૂકવીશ ?

બીજે દિવસે મસમોટું બિલ આવ્યું. એની રકમ વાંચીને આંખો પહોળી થઈ ગઈ. હૃદયના ધબકારા વધી ગયા. એનાથી માત્ર આટલું જ બોલાયું, 'આટલી મોટી રકમ !' એ આગળ કંઈ બોલવા જતી હતી. ત્યાં નર્સે કહ્યું, 'આ રકમ ચૂકવાઈ ગઈ છે.' એની રિસિપ્ટ તેના હાથમાં મૂકી. યુવતી આશ્ચર્યથી તેને તાકતી રહી. નર્સે રિસિપ્ટની નીચેનું લખાણ બતાવ્યું. રિસિપ્ટની નીચે લખ્યું હતું, 'ઉદાર હૃદયની આ દયાળુ યુવતીએ એક વખત ધરાઈને પિવડાવેલ દૂધના પ્યાલાના બદલામાં આખા બિલની પૂરેપૂરી રકમ મેં મારી મરજીથી કૃતજ્ઞતાપૂર્વક ભરપાઈ કરી છે.' – ડૉ. હાર્વર્ડ એ. કેલી.

પેલી યુવતીને ખ્યાલ આવી ગયો કે વર્ષો પૂર્વે તેણે ઘેરઘેર ફરીને પુસ્તકો વેચતા જે યુવાનને દૂધ પિવડાવ્યું હતું તે જ આ ડૉ. હાર્વર્ડ કેલી છે. તેનું મસ્તક નમી પડ્યું. નાની અમથી ઉદારતાનો કેટલો મોટો બદલો ! તેની આંખ ભરાઈ આવી.

- દેવેશ મહેતા



## શિક્ષક - વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- 'વાવો તેવું લણો' કહેવતને સાર્થક કરતી વાર્તા
- કૃતિના વિષયવસ્તુની વાર્તારૂપે મૌખિક રજૂઆત
- મેડિકલ કોલેજના એક વિદ્યાર્થીની આપકમાઈની વૃત્તિ
- ભરવાડની વસ્તીમાં પુસ્તકો વેચવા જતા થયેલો અનુભવ
- ગરીબ કુટુંબની દીકરીના સંસ્કાર અને ઉદારતાનો પરિચય
- પેલો યુવાન વિદ્યાર્થી મોટો થઈને ડૉ. હાર્વર્ડ કેલી
- વિદ્યાર્થી અવસ્થામાં પોતાને ઉદારતાથી દૂધ પિવડાવનાર યુવતીને પોતાની હોસ્પિટલમાં જોઈ આશ્ચર્ય
- કૃતજ્ઞતાનો યોગ્ય બદલો

## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે પાઠમાં કયા શબ્દો વપરાયા છે ?**

| | | | |
|---|---|---|---|
| ૧) ચોપડી | – ...................... | ૨) ધંધો | – ...................... |
| ૩) દરવાજો | – ...................... | ૪) હાલત | – ...................... |
| ૫) નિરાંત | – ...................... | ૬) ગજવું | – ...................... |
| ૭) તબીબ | – ...................... | ૮) માથું | – ...................... |

**સ. ૨ કહો એ કોણ ?**

૧) ઘેરઘેર ફરી પુસ્તકો વેચનાર ................................

૨) યુવકને પાણીને બદલે દૂધ આપનાર ................................

૩) છોકરીને હૃદય ગરીબ ન રાખવાનું શીખવનાર ................................

૪) યુવતીના હાથમાં બિલ આપનાર ................................

૫) વિદ્યાર્થી જીવનમાં પુસ્તકો વેચનાર વિદ્યાર્થી ................................

**સ. ૩ એક વાક્યમાં જવાબ લખો.**

૧) વિદ્યાર્થી અવસ્થામાં ડૉ. હાર્વર્ડ કોલેજનો ખર્ચો કેવી રીતે કાઢતા ?
જવાબ : ..........................................................................

૨) સાજા થઈ ગયા પછી યુવતીને શેની ચિંતા થઈ ?
જવાબ : ..........................................................................

૩) યુવતીની માતાએ તેને શું શીખવ્યું હતું ?
જવાબ : ..........................................................................

૪) હૉસ્પિટલનું બિલ જોતાં યુવતીની શી હાલત થઈ ?

જવાબ : ........................................................................

સ. ૪ શા માટે ?

૧) યુવતીએ પુસ્તક ખરીદ્યું નહિ.

જવાબ : કારણ કે ..............................................................

૨) યુવકે યુવતી પાસે પાણી માંગ્યું.

જવાબ : કારણ કે ..............................................................

૩) ડૉ. કેલી યુવતીની વિશેષ કાળજી રાખતા હતા.

જવાબ : કારણ કે ..............................................................

૪) યુવતીએ યુવકને પાણીને બદલે દૂધ આપ્યું.

જવાબ : કારણ કે ..............................................................

સ. ૫ શબ્દપ્રયોગ અને તેના અર્થને યોગ્ય રીતે જોડી વચ્ચે જવાબ લખો.



| 'અ' | | 'બ' |
| --- | --- | --- |
| ૧) મન થવું | ........................ | નિરાંત થવી |
| ૨) પામી જવું | ........................ | ચૂકવવું |
| ૩) હાશ વળવી | ........................ | ઈચ્છા થવી |
| ૪) ભરપાઈ કરવી | ........................ | હા–ના કરવી |
| ૫) આનાકાની કરવી | ........................ | સમજી જવું |

સ. ૬ ઉદાહરણ પ્રમાણે શબ્દ બનાવો.

| (અ) ઉદાર | – ઉદારતા | (બ) ઊંડું | – ઊંડાણ |
| --- | --- | --- | --- |
| ૧) મધુર | – ..................... | ૧) નીચું | – ........................ |
| ૨) સુંદર | – ..................... | ૨) ટૂંકું | – ........................ |
| ૩) મહાન | – ..................... | ૩) લાંબું | – ........................ |
| ૪) કાયર | – ..................... | ૪) ઊંચું | – ........................ |

સ. ૭ નીચેનાં વાક્યો કોણ બોલે છે ? કોને કહે છે ?

૧) 'પુસ્તક ખરીદવાનું મને તો મન થાય છે પણ અમારી પાસે તે માટે પૈસા નથી.'

જવાબ : ........................................................................

૨) 'દૂધના કેટલા પૈસા આપું ?'

જવાબ : ........................................................................

૩) ‘તમે એકદમ સાજા થઈ ગયા છો.’

જવાબ : ........................................................................................

૪) ‘આટલી મોટી રકમ ! ’

જવાબ : ........................................................................................

**સ. ૮ સાચા શબ્દની ફરતે ગોળ ◯ કરો અને ખોટા ઉપર × કરો.**

| | | | |
|---|---|---|---|
| ૧) | અભ્યાસ | અભિઆસ | અભીયાસ |
| ૨) | પરીસ્થીતી | પરિસ્થિતિ | પરિસ્થિતી |
| ૩) | ચિકીત્સક | ચીકીતસક | ચિકિત્સક |
| ૪) | આસચર્ય | આશ્ચર્ય | આશ્ચરય |
| ૫) | હૉસ્પિટલ | હોસપીટલ | હોસપિટલ |

◆ **યાદ રાખો :**

૧) સાધન–સંપત્તિથી ગરીબ હોઈએ તેનો વાંધો નહિ પણ હૃદયથી ક્યારેય ગરીબ ન રહેવું – પૈસા કે વસ્તુ ન હોય તેનો વાંધો નહિ પરંતુ હૃદયમાં ભરપૂર પ્રેમ રાખવો જોઈએ.

**હું વાંચું ............ તમે પણ વાંચો**



## એક પૈસાની રોટી

તીર્થરામ ગરીબ પણ તેજસ્વી વિદ્યાર્થી હતો. ભણવામાં હોંશિયાર હોવાથી તેને શિષ્યવૃત્તિ મળતી હતી. તેમાંથી તેનો ખાવાપીવાનો અને બીજો બધો ખર્ચ તે કરતો. ઘણીવખત તેની શિષ્યવૃત્તિની ઘણીખરી રકમ પુસ્તકો ખરીદવામાં જ ખર્ચાઈ જતી તેથી ખાવાપીવા માટે થોડી જ રકમ બચતી.

એક વખત એવું બન્યું કે ખાવાપીવાના ખર્ચ માટે રોજના માત્ર ત્રણ પૈસા જ બચ્યા હતા. તેથી રોજ સવારે બે પૈસાની રોટી અને સાંજે એક પૈસાની રોટી લઈને ખાતો. બે–ચાર દિવસ થયા પછી દુકાનદારે તેને કહી દીધું કે, તું રોજ એક પૈસાની રોટી સાથે દાળ મફતમાં ખાઈ જાય છે. જા, હવેથી હું એક પૈસાની રોટી નહિ આપું. ત્યારથી તીર્થરામે નક્કી કર્યું કે, ‘હવેથી હું એક ટંક જ ખાઈશ.’

આટલી ગરીબી અને બેહાલી છતાં તીર્થરામ કદી નિરાશ થતો નહિ અને દિલ દઈને ભણતો. તેથી બી.એ.ની પરીક્ષામાં આખી યુનિવર્સિટીમાં પ્રથમ આવ્યો. પછી એમ.એ. કરી અધ્યાપક બન્યો. છતાં પણ પોતાની ગરીબીના દિવસો એ ક્યારેય ભૂલ્યો નહોતો. દર મહિને પગાર મળે કે તરત જ તેમાંથી જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને થાય તેટલી મદદ કરતો.


આ તીર્થરામ તે બીજા કોઈ નહીં, પણ આખી દુનિયામાં વિખ્યાત થયેલા સ્વામી રામતીર્થ !

**જેવું વાવો તેવું લણો.**

# શબ્દ રમત

અહીં આપેલા ચોકઠામાં સૂર્યનાં જુદાંજુદાં નામ છુપાયેલાં છે. આડા, ઊભા, ત્રાંસા, સીધા કે પછી ઊંધા ગમે તે રીતે આ નામો ગોઠવાઈ ગયાં છે. તે શોધીને બતાવો.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| સ | ર | ભા | શ્વ | ણિ | દ્ધિ | ત્રિ | સૂ |
| સ્ર | હ | ક | નુ | મ | અ | ન | ર |
| આ | રૂ | સ્ર | વા | ન | રૂ | પ | જ |
| ર્ય | દિ | શ્ર | ક | દિ | ણ | ત | પા |
| સ્ક | ર | ત્ય | ક્ષ | ર | ડ | ણ | ર |
| ત્ય | ક | ક | શ | વિ | તા | સ્ક | ભા |
| સૂ | ન | ને | ભા | કૃ | ભા | વિ | જ |
| ર્ય | દિ | વા | ક | પ્ર | ર્ય | પું | સ |


| | | | |
|---|---|---|---|
| ૧) સૂર્ય | ૨) સૂરજ | ૩) રવિ | ૪) ભાનુ |
| ૫) દિનેશ | ૬) દિનકર | ૭) દિવાકર | ૮) દિનમણી |
| ૯) પ્રભાકર | ૧૦) અરૂણ | ૧૧) ભાસ્કર | ૧૨) સવિતા |
| ૧૩) સહસ્રકર | ૧૪) આદિત્ય | ૧૫) તપન | ૧૬) ભાણ |

- ઉપરના બોક્સમાં આપેલાં સૂર્યનાં નામોને નોટબુકમાં વર્ણમાળાના ક્રમ પ્રમાણે ગોઠવો.

# ચાંદામામા



ચાંદામામા, ચાંદામામા સાંભળો મારી વાત,
આંખો થાતી અધીર જોવા પડે છે જ્યારે રાત.

હું ચાલું ત્યાં તમે ચાલતા, હું દોડું ત્યાં દોડો,
કેમ કરીને નજીક આવું, પાછળ મુજને છોડો ?

હું ધરતી પર તમે આભમાં કેમ થાય મેળાપ ?
ચાંદામામા, ચાંદામામા ...........

તારલિયાની સભા ભરી લ્યો ભૂપ બનીને બેઠા,
મળવા તમને હું તલપાપડ ક્યારે આવો હેઠા,

ધરવી છે તવ ચરણે મારા સપનાની સોગાત...
ચાંદામામા, ચાંદામામા ...........

સુદમાં ધીમે ધીમે વધતા, વદમાં પાછા ઘટતા,
પૂનમે પૂરા કદના લાગો, ગુમ અમાસે થાતા !

વધઘટની આ રમત તમારી પાડે જુદી ભાત....
ચાંદામામા, ચાંદામામા ...........

- ડૉ. નટુભાઈ પ્ર. પંડ્યા

## શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- ચાંદામામા, મામા થઈને કેમ રહો છો દૂર–આ અભિનયગીત ગવડાવી તેના ઉપર ચર્ચા
- ચાંદા વિશે વિદ્યાર્થીઓના નિરીક્ષણ બાબત ચર્ચા
- ચાંદા અને તારા બંને વચ્ચેનો ભેદ
- એક મહિના સુધી રોજ ચાંદાનું નિરીક્ષણ કરી તેની નોંધ લખાવી તેની ઉપરથી સુદ–વદની સંકલ્પના

## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં કયા શબ્દો વપરાયા છે ?**

| | |
|---|---|
| ૧) પાસે – ..................... | ૨) જમીન – ........................ |
| ૩) આકાશ – ..................... | ૪) રાજા – ........................ |
| ૫) ભેટ – ..................... | ૬) અદૃશ્ય – ........................ |
| ૭) શમણું – ..................... | ૮) છાપ – ........................ |

**સ. ૨ એક શબ્દમાં જવાબ લખો.**

૧) ચાંદામામાને જોવા બાળકોની આંખો કેવી થાય છે ? ............................

૨) ચાંદામામા કોની સભા ભરીને બેઠા છે ? ............................

૩) બાળકને ચાંદામામાના ચરણે શું ધરવું છે ? ............................

૪) ચાંદામામા કયા પક્ષમાં વધે છે ? ............................

૫) ચાંદામામા ક્યારે ગુમ થાય છે ? ............................

**સ. ૩ યોગ્ય વિકલ્પ પસંદ કરી તેના ક્રમાંકને રંગો.**

૧) ચાંદામામાને જોવા બાળકની આંખો ક્યારે અધીર બને છે ?
   ૧) બપોરે ૨) સાંજે ૩) રાતે ૪) સવારે (૧) (૨) (૩) (૪)

૨) ચાંદામામા ક્યા પક્ષમાં ઘટે છે ? (૧) (૨) (૩) (૪)
   ૧) શુક્લ ૨) વદ ૩) સુદ ૪) ક્યારેય નહિ

૩) ચાંદામામા પૂરા કદના ક્યારે દેખાય છે ? (૧) (૨) (૩) (૪)
   ૧) પૂનમ ૨) વદ ૩) સુદ ૪) ક્યારેય નહિ

**સ. ૪ કવિતાની લીટીમાં ખૂટતો શબ્દ મૂકો.**

૧) વધઘટની આ ................ તમારી પાડે જુદી ભાત.

૨) ધરવી છે તવ ચરણે મારા ................. ની સોગાત.

૩) તારલિયાની સભા ભરી લ્યો ............. બનીને બેઠા.

૪) હું ધરતી પર તમે .................. કેમ થાય મેળાપ ?



સ. ૫ વિરોધી અર્થવાળા શબ્દ લખો.

૧) નજીક × ..................... ૨) સુદ × .....................

૩) પૂનમ × ..................... ૪) આકાશ × .....................

સ. ૬ ચાંદામામાનાં અનેક નામો છે. નીચેનામાંથી જે નામ તેમના માટે વપરાતા હોય તેની સામે ✓ કરો અને ન વપરાતા હોય તેની સામે × કરો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) ચંદ્ર | ☐ | ૨) શશિ | ☐ | ૩) રવિ | ☐ |
| ૪) ગ્રહ | ☐ | ૫) સોમ | ☐ | ૬) ઉપગ્રહ | ☐ |
| ૭) મયંક | ☐ | ૮) ચંદ્રકળા | ☐ | ૯) હિમાંશુ | ☐ |

સ. ૭ સાચા શબ્દ નીચે લીટી દોરો.

| | | | |
|---|---|---|---|
| ૧) | તારલીયા | તારલીઆ | તારલિયા |
| ૨) | સવપન | સ્વપન | સ્વપ્ન |
| ૩) | વધઘટ | વઘઘટ | વઘધટ |

◆ યાદ રાખો : સપનાની સોગાત ધરવી – પોતાના સપનાની વાત ભેટરૂપે કહેવી

## હું વાંચું ............ તમે પણ વાંચો

### સૂરજદાદા

સૂરજદાદા સામે જઈને બાળક એવું બોલ્યું,
સવાર કેરું બારણું દાદા શીદને પાછું ખોલ્યું ?
આવ્યા છો તો આવો તમને,
વાત કરું હું મારી ;
કુમળી શી આ વયમાં મારે,
કેવી છે લાચારી ?
થાતું મનમાં રોજ સવારે,
નીંદર મીઠી માણું.
ને સ્વપ્નપરીની સાથે રોજે
ગાઉં મજાનું ગાણું.
ધીંગામસ્તીનો સમય ગયો ને,
ગઈ પરીઓની વાતો;
કમ્પ્યુટર ને ટીવીએ,
મારી વીંધી નાખી રાતો.
સાચું કહેજો દાદા પાછું જડશે બાળપણ ખોલ્યું ?
સવાર કેરું બારણું દાદા શીદને પાછું ખોલ્યું ?

– વર્ષા બારોટ



**ચંદ્રની જેમ શીતળ બનો.**

# સર્વનામ

નીચેનો ફકરો વાંચો :

સર, પરેશ મારો ભાઈ છે. હું અને પરેશ બન્ને તમારા જ વિદ્યાર્થીઓ હતા. તમે મને અને પરેશને ભણાવ્યા છે. આજે હું અને પરેશ જે કંઈ છીએ તે સરને કારણે જ છીએ. હું અને પરેશ નાનીશી ભેટ લાવ્યા છીએ ; તે સ્વીકારો અને આશીર્વાદ આપો. સર, આ મયંક છે. મયંકને ઓળખો છો. મયંક કેટલો મસ્તીખોર હતો ! હું, પરેશ અને મયંક તમને ખૂબ યાદ કરીએ છીએ.

હવે ઉપરની વાત નીચેના ફકરામાં વાંચો :

સર, પરેશ મારો ભાઈ છે. અમે બન્ને તમારા જ વિદ્યાર્થીઓ છીએ. તમે અમને ભણાવ્યા છે. આજે અમે જે કંઈ છીએ તે તમારે કારણે જ છીએ. અમે બન્ને નાનીશી ભેટ લાવ્યા છીએ ; તે સ્વીકારો અને અમને આશીર્વાદ આપો. સર, આ મયંક છે. તેને ઓળખો છો. તે કેટલો મસ્તીખોર હતો ! અમે તમને ખૂબ યાદ કરીએ છીએ.

- હવે નીચેના ફકરામાં જે ફેરફાર છે તેને ધ્યાનમાં રાખી નીચેનો કોઠો પૂર્ણ કરો :
  કયા શબ્દ માટે કયો શબ્દ વાપર્યો છે ?

| | આ શબ્દ માટે | આ શબ્દ વાપર્યો છે |
|---|---|---|
| ૧. | હું અને પરેશ | અમે |
| ૨. | મને અને પરેશને | ........................... |
| ૩. | સરને | ........................... |
| ૪. | મયંકને | ........................... |
| ૫. | મયંક | ........................... |
| ૬. | હું, પરેશ, મયંક | ........................... |

**ધ્યાનમાં રાખો :** હું – અમે ; તું – તમે ; તે – તેઓ

- નામની જગ્યાએ જે શબ્દ વાપર્યો છે તેને ............ કહેવાય.

## સ્વાધ્યાય

**સ. ૧ નીચેનાં વાક્યમાંથી સર્વનામ શોધી તેને રેખાંકિત કરો.**

૧) તારે તડકામાં ક્યાંય જવાનું નથી.
૨) પરીક્ષા છે તેથી હું અભ્યાસ કરું છું.
૩) તેને પગાર જોઈએ છે.
૪) અમે તેને ત્યાં રમીશું.
૫) તે ઘણો મસ્તીખોર છે.
૬) તેણે સ્વેટર પહેર્યું છે.

**સ. ૨ નીચેનાં વાક્યમાંથી નામ અને સર્વનામ ઓળખી ડાબી બાજુ નામ લખો અને જમણી બાજુ સર્વનામ લખો.**

૧) મેં રંગીન ચિત્રો દોર્યાં.
૨) ભાઈ તેને મળવા જશે.
૩) વિવેકી બાળકો મને પણ ગમે છે.
૪) હું સુંદર કપડાં લાવી.
૫) તેઓ મારે માટે ઘડિયાળ લાવ્યા છે.
૬) તમે અને બહેન મળી જજો.
૭) અમે કવિતા વાંચી છે.
૮) તેણે ચેક ભર્યો છે.
૯) તે રોજ વ્યાયામ કરે છે.
૧૦) આપણે ભાઈ સાથે ફરવા જઈશું.

| ક્રમાંક | નામ | સર્વનામ |
|---|---|---|
| ૧) | | |
| ૨) | | |
| ૩) | | |
| ૪) | | |
| ૫) | | |
| ૬) | | |
| ૭) | | |
| ૮) | | |
| ૯) | | |
| ૧૦) | | |

# ઇતિશ્રીનું સાહસ

(દર ૨૬મી જાન્યુઆરીએ આપણા દેશના રાષ્ટ્રપતિ ૧૪ વર્ષ સુધીની ઉંમરનાં બાળકો જેમણે સાહસ કે શૌર્ય દાખવ્યું હોય તેને નવીદિલ્હી બોલાવી બાલવીર પુરસ્કાર અર્પણ કરે છે.

આવો પુરસ્કાર પ્રાપ્ત કરનાર બાળકોને દસ હજાર રૂપિયા રોકડા, આકર્ષક સ્મૃતિચિહ્ન, સુંદર પ્રમાણપત્ર, પુષ્પગુચ્છ અને બીજી અનેક ભેટો આપીને સન્માનવામાં આવે છે.


આવું નાગરિક સન્માન મેળવનાર એક બહાદુર દીકરીનો પ્રસંગ આપણે જાણીએ. આજે જ્યારે છોકરીઓની સલામતીનો મોટો પ્રશ્ન નિર્માણ થયો છે ત્યારે આ પ્રસંગ આપણા સૌના માટે પ્રેરણાદાયી બની રહેશે.)

આ બાલવીર પુરસ્કાર પ્રાપ્ત કરનાર ઇતિશ્રી નામની દીકરી આપણા ભારત દેશના ઓરિસ્સા રાજ્યના પાટનગર ભુવનેશ્વરમાં રહે છે.

એક દિવસ ઇતિશ્રી ઘરમાં એકલી જ હતી. તેનાં માતાપિતા ખરીદી કરવા બજારમાં ગયાં હતાં. પરીક્ષા નજીક આવતી હોવાથી તે પોતાના અભ્યાસખંડમાં બેસીને વાંચતી હતી.



અચાનક હથિયાર સાથે સામેથી આવતા માણસને જોઈ ઈતિશ્રી સજાગ થઈ ગઈ. એણે દરવાજા પાસે આવી જોયું તો ક્ષણભર ધ્રુજી ઊઠી કારણકે તે અજાણ્યો માણસ તેના જ ઘર તરફ આવી રહ્યો હતો. ઈતિશ્રીએ અગમચેતી વાપરી નજીકમાં રહેતા પોતાના કાકાને ફોન કરીને કહ્યું કે, ‘‘કાકા, હું મુશ્કેલીમાં છું. તમે જલદી આવો. એક અજાણ્યો માણસ મોટા ચપ્પુ સાથે આપણા ઘર તરફ આવી રહ્યો છે. તમે જલદી આવો.’’ ફોન મૂકીને તે દરવાજો બંધ કરવા ગઈ પણ પેલો અજાણ્યો માણસ દરવાજા પાસે આવી પહોંચ્યો હતો. દરવાજા પાસે જ બન્ને વચ્ચે ઝપાઝપી થઈ. આ ઝપાઝપીમાં એને એક હાથે ઈજા પણ થઈ. છતાં હિંમતથી તેણે સામનો કર્યો. સાચે જ તે ઘણી બળુકી પુરવાર થઈ. હવે તેણે મોટેથી ‘બચાવો, બચાવો’ ની બૂમો પાડવા માંડી.




થોડીવારમાં જ તેના કાકા અને પાડોશીઓના આઠ–દસ માણસો આવી પહોંચ્યા. તેઓએ પેલા અજાણ્યા માણસને પકડી લીધો. તેને બરાબર પાઠ ભણાવ્યો પછી પોલીસને હવાલે કરી દીધો.

ઈતિશ્રીના આ બાળ પરાક્રમની વાત દેશના ખૂણેખૂણે ફેલાઈ ગઈ. આ સમાચાર દરેક છાપાઓમાં પ્રસિદ્ધ થયા. ખબરપત્રીઓએ તેને બહાદુર, વીરાંગના, ઝાંસીની રાણી, સાહસિક કન્યા જેવી અનેક ઉપમાઓથી નવાજી હતી.

તે વખતના આપણા રાષ્ટ્રપતિ મહામહિમ ડૉ. શંકર દયાળ શર્માએ તારીખ ૨૬.૦૧.૧૯૯૭ના રોજ તેને દિલ્હી બોલાવી, બાલવીર પુરસ્કારથી નવાજી. શણગારેલા હાથી ઉપર બેસાડીને તેને આખા દિલ્હીમાં ફેરવી. આ ઉપરાંત અનેક ઈનામોથી તેને પુરસ્કૃત કરવામાં આવી.

- પોપટલાલ મંડલી

## શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- શાળામાં ઉજવાતા રાષ્ટ્રીય તહેવારોની ઉજવણીની ચર્ચા – ભારતના શહીદોની ગાથા
- વિદ્યાર્થીઓ પોતે કેવા કેવા સાહસ કરી શકે તેની પૃચ્છા સાથે તેમના અંતરની વાતો
- વિદ્યાર્થીઓ જાણતા હોય, તેમણે વાંચેલા હોય તેવા સાહસિક પ્રસંગોની ચર્ચા

## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં કયા શબ્દો વપરાયા છે ?**

| | | | |
|---|---|---|---|
| ૧) ઈનામ | – ..................... | ૨) માનપાન | – ..................... |
| ૩) નગદ | – ..................... | ૪) સાવચેતી | – ..................... |
| ૫) મારામારી | – ..................... | ૬) રાજધાની | – ..................... |

**સ. ૨ ટૂંકમાં જવાબ લખો.**

૧) બાળવીર પુરસ્કાર ક્યારે આપવામાં આવે છે ?
જવાબ : ..............................................................................

૨) બાળવીર પુરસ્કારમાં વીર બાળકને શું શું આપવામાં આવે છે ?
જવાબ : ..............................................................................

૩) ઈતિશ્રી ક્યાંની રહેવાસી હતી ?
જવાબ : ..............................................................................

૪) ઈતિશ્રીએ તેના કાકાને ફોનમાં શું કહ્યું ?
જવાબ : ..............................................................................

૫) ઈતિશ્રી ઘરમાં શા માટે એકલી હતી ?
જવાબ : ..............................................................................

**સ. ૩ નીચેના શબ્દોના વિરોધી અર્થવાળા શબ્દો લખો.**

| | |
|---|---|
| ૧) રોકડાં × .................... | ૨) આકર્ષક × ........................ |
| ૩) સન્માન × .................... | ૪) બહાદુર × ........................ |
| ૫) સલામતી × .................... | ૬) અજાણ્યું × ........................ |

**સ. ૪ શબ્દપ્રયોગો અને તેના અર્થને યોગ્ય રીતે જોડી જવાબ વચ્ચે લખો.**

| | શબ્દપ્રયોગ | જવાબ | અર્થ |
|---|---|---|---|
| ૧) | હવાલે કરવું | .................................... | મારામારી થવી |
| ૨) | પાઠ ભણાવવો | .................................... | સાવચેતી રાખવી |
| ૩) | ઝપાઝપી થવી | .................................... | બળવાન–શક્તિશાળી હોવું |
| ૪) | અગમચેતી વાપરવી | .............................. | સોંપી દેવું |
| ૫) | બળુકું હોવું | .................................... | ભૂલ સમજાવવી |

**સ. ૫ નીચેના ક્રિયાપદને યોગ્ય રૂપ આપી તેનો વાક્યમાં પ્રયોગ કરો.**



દા.ત. બેસવું – બેસાડવું

ઈતિશ્રીને હાથી ઉપર બેસાડી.

૧) રમવું – ......................... – ......................................

૨) પહોંચવું – ......................... – ......................................

૩) ઊઠવું – ......................... – ......................................

**સ. ૬ નીચેની ખાલી જગ્યા પૂરવા પાઠમાંથી યોગ્ય શબ્દ પસંદ કરો.**

૧) આ પ્રસંગ આપણા સૌના માટે ઘણો ............... બની રહેશે.

૨) ઈતિશ્રી પોતાના ...................... બેસી વાંચતી હતી.

૩) અનેક ઈનામોથી તેને .................. કરવામાં આવી.

૪) ઈતિશ્રીએ ................. વાપરી નજીકમાં રહેતા પોતાના કાકાને ફોન કર્યો.

**સ. ૭ સાચા શબ્દને રેખાંકિત કરો.**

| | | | |
|---|---|---|---|
| ૧) | સ્મૃતિચિહ્ન | સ્મૃતિચિન્હ | સ્મૃતીચિહ્ન |
| ૨) | ઈતિશ્રી | ઈતીશ્રી | ઇતિશ્રી |
| ૩) | પૂરસ્કાર | પુરસ્કાર | પુરસકાર |
| ૪) | હિમત | હિંમત | હીંમત |
| ૫) | આકર્સક | આકરશક | આકર્ષક |




◆ **યાદ રાખો :** અનેક ઉપમાઓથી નવાજવું – સારા, સાચા અને સાહસિકતા ભરેલાં કાર્યો કરનારને અનેક વિશેષણોથી સંબોધવામાં આવે ત્યારે કહેવાય કે તેને અનેક ઉપમાઓથી નવાજ્યા છે.



હું વાંચું ............ તમે પણ વાંચો

## બાલવિમાની



સ્વતંત્ર ભારતવર્ષ તણો હું બનીશ બાલવિમાની,
નાનકડા હૈયામાં મારા, હોંશ નથી કંઈ નાની.
ગરુડ સમાણું વિમાન મારું સરસર ઊંચે ચડશે,
વીજ વિલસતાં વાદળ વીંધી આકાશે જઈ અડશે.
ચક્કર પર ચક્કર લેતું એ માપ ધરાનું લેશે,
સાતે સાગર ઉપર થઈને ઘૂમશે દેશે દેશે.
આકાશે ને નીચે એનું બિંબ અજબ કંઈ સ્હોશે,
ઊંચા પર્વત સ્તબ્ધ બનીને શોભા એની જોશે.
દશે દિશાએ ભરતખંડની ધજા ફરકતી જાશે,
ગરવાં ગીતો 'જય ભારત'નાં પૃથ્વી પર પડઘાશે.
વિમાન મારું જ્યાં જ્યાં જાશે ત્યાં 'જય હિંદ' ગવાશે,
પ્રેમભરી પ્રભુતા ભારતની શુભ સર્વત્ર છવાશે.
સ્વતંત્ર ભારતવર્ષ તણો હું બનીશ બાલવિમાની,
ભારતની સેવામાં મારી હો જીવન–કુરબાની.

– પૂજાલાલ

**સાહસ જીત મેળવવાની ચાવી છે.**

## વાંચો, વિચારો અને નક્કી કરો

શું કહેવાય ? છેલ્લે 'રૂ' અથવા 'રું' આવે તેવા શબ્દમાં જવાબ નક્કી કરો. જવાબ માટે નીચે આપેલા શબ્દોનો ઉપયોગ કરો.

૧) પાયલ ............................



૨) છોકરીઓ પરણીને જાય તે ............................

૩) ઑસ્ટ્રેલિયાનું પ્રાણી ............................................



૪) ઘણા વખતથી બંધ પડેલું ............................

૫) જેમાંથી માથાનું તેલ બને ............................



૬) બારોબાર ............................

૭) બાંધકામના મજૂરનું સાધન ............................................



૮) લોકોના ગજવા કાપે તે ............................

૯) એક વાજિંત્ર ............................



૧૦) ભાઈબંધ, મિત્ર ............................

૧૧) સાપનું બીજું નામ ............................................



૧૨) યજમાન મહેમાનને આપે ............................

૧૩) પાલતું વફાદાર પ્રાણી ............................



૧૪) પ્રત્યક્ષ મળવું તે ............................

૧૫) કીડીઓથી ઉભરાતું ............................................




૧૬) લોકોને લૂંટે તે ............................

૧૭) પ્રવાસી, મુસાફર ............................



૧૮) ભીનું ન હોય તેવું ............................

૧૯) એક પર્વતનું નામ ............................................



૨૦) દીવો કરવાની જગ્યા ............................................

| | | | | |
|---|---|---|---|---|
| તગારું | એરૂ | પરબારું | મેરુ | નગારું |
| ઉતારું | કોરું | સાસરું | ભેરુ | કોપરું |
| અવાવરું | લૂંટારુ | કાંગારું | ખિસ્સાકાતરું | નોતરું |
| કૂતરું | રૂબરૂ | કીડિયારું | ઘુંઘરું | પાણિયારું |

- અહી આપેલા શબ્દોને તમારી નોટબુકમાં વર્ણમાળાના ક્રમ મુજબ ગોઠવો.

# ફૂલડાંનો દરબાર





ફૂલડાંનો દરબાર ભરાયો ફૂલડાંનો દરબાર,
ઊંચા આસને ગુલાબ બેઠું એ સૌનો સરદાર.

કમળ પાંદડી પાથરી બેઠું એ એનો પરધાન,
સૂરજમુખી હરતું ફરતું સેનાનો સરદાર.



ગલગોટો છે ગૃહમંત્રી, નરગીસ નાણાંનો રખેવાળ,
રાતરાણી ચોકી કરતું એ તો પહેરેદાર.

ચંપો–ચમેલી જૂઈ મોગરો રહેતા રાણીવાસ,
બોગનવેલ ને બારમાસીની સેના છે અપરંપાર.

જાસૂદ ડાળે ડાળે ઝુલતું સુંદરતાનો સરતાજ,
પોયણું મંદ મંદ મરકતું વાહ રે ઓ કરતાર.



નાનું અમથું જીવન અમારું સુંદરતાનો અવતાર,
હસજો, હસાવજો, હસતા રહેજો સંદેશો વારંવાર.

- વીણાબહેન એસ. સુતરિયા



## શિક્ષક - વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- રાજદરબાર વિષયક ચર્ચા – કોણ કોણ હોય, તેનું શું શું કામ (શિવાજીના ઉદાહરણ દ્વારા)
- પોતાના વર્ગનો દરબાર – તેમાં મોનિટર તેમજ જુદીજુદી સમિતિઓના નાયક બાબત ચર્ચા
- પ્રસ્તુત કાવ્યમાં શેનો દરબાર ભરાયો છે, તેમાં કોણ કોણ શું શું છે ; તે વિષયક પ્રશ્નોત્તર
- અગાઉથી વિદ્યાર્થીઓને જુદાંજુદાં ફૂલનાં પાત્રો આપી નાટ્યીકરણ

## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં કયા શબ્દો વપરાયા છે ?**

૧) કચેરી – ...................... ૨) બેઠક – ......................
૩) પૈસા – ...................... ૪) મલકવું – ......................
૫) પુષ્કળ – ...................... ૬) મુગટ – ......................

**સ. ૨ કહો કોણ ?**

૧) ફૂલડાંના દરબારમાં ઊંચા આસને બેસનાર ..............................
૨) સુંદરતાના સરતાજ સમું ફૂલ ..............................
૩) ફૂલોના દરબારનો પ્રધાન ..............................
૪) ફૂલોની સેનાનો સરદાર ..............................
૫) ફૂલોના દરબારના ગૃહમંત્રી ..............................
૬) દરબારમાં નાણાપ્રધાનનું સ્થાન ધરાવનાર ..............................
૭) દરબારની પહેરેદારી કરતું ફૂલ ..............................
૮) મંદમંદ મરકતું ફૂલ ..............................

**સ. ૩ નીચેની કાવ્યપંક્તિઓને યોગ્ય રીતે જોડો.**

૧) કમળ પાંદડી ................. ગુલાબ બેઠું.
૨) જાસૂદ ડાળે ડાળે ............ પાથરી બેઠું.
૩) હસજો, હસાવજો, .............. ઝુલતું.
૪) ઊંચા આસને ................ હસતા રહેજો.



સ. ૪ ટૂંકમાં જવાબ લખો.

૧) ફૂલોનો દરબાર આપણને શો સંદેશો આપે છે ?
જવાબ : ..................................................................

૨) રાણીવાસમાં કયા કયા ફૂલો રહે છે ?
જવાબ : ..................................................................

૩) કયા કયા ફૂલોની સેના અપરંપાર છે ?
જવાબ : ..................................................................

સ. ૫ યોગ્ય વિકલ્પ પસંદ કરી તેને રંગો.

૧) ફૂલોના દરબારનો સરદાર કોણ છે ? ૧ ૨ ૩ ૪
૧) સૂરજમુખી ૨) ગુલાબ ૩) ગલગોટો ૪) જાસૂદ

૨) ફૂલોની સેનાનો સરદાર કોણ છે ? ૧ ૨ ૩ ૪
૧) ગુલાબ ૨) જૂઈ ૩) કમળ ૪) સૂરજમુખી

૩) ફૂલોની સભામાં નાણાંનો રખેવાળ કોણ છે ? ૧ ૨ ૩ ૪
૧) નરગીસ ૨) બોગનવેલ ૩) ચંપો ૪) મોગરો

૪) ફૂલોના દરબારનો પહેરેદાર કોણ છે ? ૧ ૨ ૩ ૪
૧) નરગીસ ૨) ગલગોટો ૩) રાતરાણી ૪) ગુલાબ

સ. ૬ નીચેના રંગનાં ફૂલોનાં નામ લખો.

૧) લાલ રંગનાં – ............................ ..........................
૨) પીળા રંગનાં – ............................ ..........................
૩) ગુલાબી રંગનાં – ............................ ..........................
૪) સફેદ રંગનાં – ............................ ..........................

સ. ૭ સાચા શબ્દ ફરતે ગોળ ⬭ કરો.

| | | | |
|---|---|---|---|
| ૧) | પરધાન | પ્રધાન | પદ્યાન |
| ૨) | ગૃહમંત્રી | ગૃહમનત્રી | ગ્રહમંતરી |
| ૩) | સુરજમૂખી | સુરજમુખી | સૂરજમુખી |
| ૪) | સનદેશો | સંદેસો | સંદેશો |



◆ **યાદ રાખો :** ચંપો, ચમેલી, જૂઈ, મોગરો જેવાં ફૂલો સ્ત્રીઓને વધારે પ્રિય છે તેથી સુંદરતા માટે તેનો વધારે ઉપયોગ કરે છે માટે આ ફૂલોને રાણીવાસમાં રહે છે તેમ કહ્યું છે.

## હું વાંચું ............. તમે પણ વાંચો



### પતંગિયાં

મારે આંગણિયે સોહે ગુલાબ ને ગલગોટાજી,
રમવા આવે રૂડાં પતંગિયાં, નાનાં ને વળી મોટાંજી
મારા આંગણિયે સોહે ...



દિન ઊગે નિત દોડી આવે,
હળવે હૈયે હરખાતાજી ;
આમતેમ ફૂલડે ઊડતા ફરે,
હરખે વાતો કરતાજી ...
મારા આંગણિયે સોહે ...

ધોળી ને કંઈ પીળી પાંખાળા,
રંગબેરંગી મતવાલાજી ;
હળવે હળવે પાંખો પસારે,
પચરંગી રઢિયાળાજી ...
મારા આંગણિયે સોહે ...




નાજુક ને નખરાળાં લાગે,
વળી, મખમલ જેવી કાયાજી ;
મશગુલ બની મસ્તીમાં કેવા !
ફરતાં ફૂલની માયાજી ...
મારા આંગણિયે સોહે ...

રોજ સવારે રમવા જતો,
હું યે મારા બાગમાં જી ;
ઊડતાં ઊડતાં દાવ દેતાં,
પતંગિયાં મારા હાથમાં જી ...
મારા આંગણિયે સોહે ...

– વિનોદકુમાર ડી. ચૌહાણ

**ફૂલની જેમ જીવનભર મહેકતાં શીખો.**

# વિશેષણ



- ઉપરનાં ચિત્રોનું નિરીક્ષણ કરી નીચેના પ્રશ્નોના ઉત્તર તેની સામે લખો. ઉત્તર લખવા કૌંસમાંના શબ્દોમાંથી યોગ્ય શબ્દ પસંદ કરો :
(લાલ, મોટો, સપ્તરંગી, પાતળી, લાંબી, સુંદર, લીલુંછમ, રંગબેરંગી, જાડો, ચતુર, લુચ્ચું, લીલો, વહેતી, શેકેલા, ધોળો)

૧) પોપટનો રંગ કેવો છે ? ....................

૨) હાથી કેવો છે ? ............................

૩) કાગડો કેવો છે ? ..................

૪) ગુલાબનો રંગ કેવો છે ? ..................

૫) પર્વત કેવો છે ? ............................

૬) બિલાડી કેવી છે ? .........................

૭) જિરાફની ડોક કેવી છે ? .................

૮) લાકડી કેવી છે ? ..........................

૯) નદી કેવી છે ? .......................

૧૦) મેઘધનુષ કેવું છે ? ................

૧૧) ખેતર કેવું દેખાય છે ? ............

૧૨) શિયાળ કેવું હોય ? ................

૧૩) મકાઈના ડોડા કેવા છે ? .........

૧૪) પતંગિયાં કેવાં હોય ? .............

૧૫) બગલાનો રંગ કેવો છે ? .........

### યાદ રાખો :

- કેવો, કેવી, કેવું, કેવા, કેવાંથી પ્રશ્ન પૂછી ઉત્તરરૂપે જે શબ્દ આવે તેને વ્યાકરણની ભાષામાં 'વિશેષણ' કહેવાય.
- વિશેષણ નામના અર્થમાં વધારો કરે છે.
- વાક્યમાંથી વિશેષણનો શબ્દ કાઢી લેવા છતાં તે વાક્યનો અર્થ બરાબર સમજાય છે.

**સ. ૧ નીચેનાં નામ માટેના યોગ્ય વિશેષણને ઓળખી તેનો ક્રમાંક ખાનામાં લખો.**

૧) પાંદડાં
૧) લીલાં ૨) લીલો ૩) લીલું ૪) લીલી ☐

૨) બિલાડી
૧) જાડો ૨) જાડું ૩) જાડી ૪) જાડાં ☐

૩) તુલસી
૧) પવિત્ર ૨) અપવિત્ર ૩) ઊંચી ૪) જાડી ☐

૪) થેલા
૧) મોટો ૨) મોટી ૩) મોટાં ૪) મોટા ☐

૫) વાળ
૧) કાળાં ૨) કાળા ૩) કાળો ૪) કાળી ☐


**સ. ૨ નીચેનાં વાક્યોમાંથી વિશેષણ શોધી તેની નીચે લીટી કરો.**

૧) ફૂલદાનીમાં રંગબેરંગી ફૂલો શોભતાં હતાં.
૨) ચતુર શેઠે ચોરોને ભગાડી દીધા.
૩) બહાદુર નીનાએ ભાઈને બચાવી લીધો.
૪) ઘટાદાર વૃક્ષોને કારણે બધે અંધારું હતું.
૫) પક્ષીઓનો મીઠો કલરવ સાંભળવો ગમે છે.

**સ. ૩ યોગ્ય વિશેષણ લઈ ખાલી જગ્યા પૂરો.**

૧) કોયલ ............. ટહુકા કરતી હતી. (મીઠો / મીઠા / મીઠી)
૨) મહેમાનોને ........... શરબત આપ્યું (ઠંડું / ઠંડી / ઠંડો)
૩) ......... ખીણમાં પડવાનો ડર લાગે. (ઊંડું / ઊંડો / ઊંડી)
૪) અમે વાડીમાંથી ............. શાક લાવ્યા. (તાજાં / તાજા / તાજો)
૫) સભામાં ............... માણસો આવ્યા હતા. (ઘણો / ઘણાં / ઘણા)

# ધરતી ધ્રુજે તો ...




(એક ઓરડાનું દૃશ્ય – દાદા છાપું વાંચી રહ્યાં છે, દાદી માળા ફેરવી રહ્યાં છે. પૌત્ર અનિકેત અભ્યાસ કરી રહ્યો છે. અનિકેતના પિતા વિજયભાઈ કમ્પ્યુટર ઉપર કામ કરી રહ્યા છે. અનિકેતનાં મમ્મી દાદીમા પાસે બેસી શાક સમારી રહ્યાં છે.)

અનિકેત : દાદા, જુઓને આ જમીન કેમ હલી રહી છે ?

દાદા : મારા હાથમાંથી આ છાપું કેમ પડી ગયું ?

દાદી : (એકદમ નમી પડે છે.) અરે, આ શું ?

વિજયભાઈ : બા, બાપુજી, અનિકેત ચાલો જલદી નીચે ખુલ્લા મેદાનમાં જતાં રહીએ. આ તો ધરતીકંપનો આંચકો છે.

અનિકેત : પણ ધરતીકંપ એટલે શું ?

મમ્મી : (ગભરાયેલા સ્વરમાં) પહેલાં નીચે ચાલ. પછી સમજાવીશ.

(બધાં જ નીચે ખુલ્લા મેદાનમાં આવી જાય છે. મકાનમાં રહેતા લગભગ બધાં જ નીચે દોડી આવ્યાં છે.)

અનિકેત : અરે મિહિર, તને ખબર છે કે ધરતીકંપ એટલે શું ?

મિહિર : હા. ધરતી ધ્રુજી ઊઠે એટલે ધરતીકંપ થયો કહેવાય. તેનાથી મોટાં મોટાં ઝાડ, મકાન બધું જ હલવા માંડે. કોઈવાર તો જમીનદોસ્ત પણ થઈ જાય.

**અનિકેત** : તો શું આપણું મકાન પણ પડી જશે ?

**દાદા** : ના બેટા ! આ ધરતીકંપનો હળવો આંચકો છે. આપણે બધાં સમયસર ચેતીને નીચે આવી ગયાં છીએ. આપણને કોઈ પ્રકારનું નુકસાન નહિ થાય.

**અનિકેત** : દાદા, અમને વધારે માહિતી આપો ને ?

**વિજયભાઈ** : પણ પહેલાં ઘરમાં તો ચાલો. તમને શાંતિથી બધું સમજાવીશ. (બધા ઘરમાં જાય છે.)

**વિજયભાઈ** : અનિકેત, મિહિર સાંભળો. હું તમને મહત્ત્વની વાત સમજાવું. ધરતીકંપ એ કુદરતી આપત્તિ કહેવાય. કોઈ પણ કુદરતી આપત્તિ આવે ત્યારે ગભરાયા વગર મનને શાંત રાખવું જોઈએ. કુદરતે મોકલેલી આફતમાં આપણું કંઈ જ ચાલવાનું નથી તે સમજી મનને શાંત રાખી તેમાંથી બહાર નીકળવાનો પ્રયત્ન કરીએ તો આફતમાંથી જરૂર ઊગરી જવાય.

**મમ્મી** : આપણે અત્યારે ખુલ્લા મેદાનમાં ગયાં હતાં. પણ જો એમ શક્ય ન હોય તો મજબૂત ફર્નિચર કે ટેબલ નીચે જતાં રહેવું જોઈએ.

**દાદી** : બહુ ઊંચા માળે રહેતાં હોઈએ તો અગાશી કે ધાબા ઉપર જતાં રહેવું.

**દાદા** : પણ એક વાત યાદ રાખવી કે દીવાલ, બારણાં, ઊંચા ઝાડ કે લાઈટના થાંભલા નજીક ક્યારેય ન જવું.

**વિજયભાઈ** : લાઈટની મેઈન સ્વીચ તરત જ બંધ કરી દેવી. (ત્યાં જ મિહિરના પપ્પા કનુભાઈ આવે છે.)

**મિહિર** : પપ્પા ! ધરતીકંપ વિશે અમને કેટલું બધું જાણવા મળ્યું. મને તો આ ખબર જ નહોતી.

**કનુભાઈ** : હા, બેટા, મેં બધું સાંભળ્યું. તમારે બીજી પણ એક વાત ધ્યાનમાં રાખવાની છે. ધરતીકંપની જરા જેટલી અસરની જાણ થાય કે તરત જ ડીઝાસ્ટર મેનેજમેન્ટના (આપાતકાલીન વ્યવસ્થાપનના) અધિકારીઓને જણાવવું જોઈએ. બરાબરને વિજયભાઈ !

**વિજયભાઈ** : હા. એકદમ બરાબર છે.

**મિહિર** : અમે ત્રીજા ધોરણમાં ભણ્યા હતા કે કોઈ જગ્યાએ આગ લાગે તો પણ લાઈટની મેઈન સ્વીચ તરત જ બંધ કરી દેવી જોઈએ.

**અનિકેત** : આગમાં સપડાયેલા લોકો કે વસ્તુ ઉપર પાણીનો સતત મારો કરવો જેથી આગને કાબૂમાં લાવી શકાય.

**વિજયભાઈ** : ઘરમાં ગેસ ચાલુ હોય તો તરત જ બંધ કરી સીલીંડરને પણ ભીની ચાદરથી વીંટાળી દેવું જોઈએ.

**અનિકેત** : અને ફાયર સ્ટેશનને ફોન કરી દેવાનો. બરાબરને ?

મિહિર : અમારા ઘરમાં તો ફાયર સેફ્ટી સીસ્ટમ પણ છે. (ફાયર એક્સ્ટીંગ્યુશર – અગ્નિશામક)

અનિકેત : આપણી શાળામાં પણ દરેક માળા ઉપર છે જ ને !

મિહિર : હા. પણ મારા પપ્પા કહે છે કે તે ઘરમાં હોવું જરૂરી છે. માટે અમે ઘરમાં પણ રાખ્યું છે.

દાદા : જુઓ બેટા ! ઘરમાં સલામતીની બધી વ્યવસ્થા રાખવી ખૂબજ જરૂરી છે. આપણે ઘરમાં આપત્તિ કિટ (ઇમર્જન્સી બેગ) હાથવગી જ રાખવી જોઈએ.

અનિકેત : આપત્તિ કિટમાં શું શું હોય ?




દાદા : પોર્ટેબલ બેટરી, પાવર્ડ ટ્રાન્ઝીસ્ટર, વધારાની બેટરીઓ, ફ્લેશ લાઈટ.

વિજયભાઈ : ફર્સ્ટ એઈડ કિટમાંની બધી જ દવાઓ, ઓળખપત્ર, રેશનકાર્ડ જેવા ડોક્યુમેન્ટસ.

કનુભાઈ : વોટરપ્રુફ સાધનમાં દીવાસળીની પેટી, ટુવાલ, કાંસકો, સાબુ, ટૂથપેસ્ટ જેવી વ્યક્તિગત જરૂરિયાતની બધી જ ચીજો પણ તેમાં હોવી જોઈએ.

દાદી : એકાદ–બે જોડી કપડાં, છત્રી, બૂટચંપલ રાખવા પણ સારાં.

મમ્મી : કાગળ, પેન, પેન્સિલ, ચશ્મા, કાતર વગેરેની એક નાની કિટ પણ સાથે રાખવી જોઈએ.

વિજયભાઈ : ઘરના અગત્યના કાગળો, બેંકની ચોપડીઓ, કિંમતી ચીજો, રોકડા રૂપિયા વગેરેની એક બેગ પણ આ આપત્તિકિટ સાથે રાખવી. તેથી જ્યારે અચાનક ઘરની બહાર નીકળી જવું પડે ત્યારે જરૂરિયાતની ચીજો તરત મળી જાય.

દાદા : બેટા, કુદરત જેટલી સુંદર છે તેનાથી વધારે શક્તિશાળી છે. જ્યારે તેની પ્રચંડ શક્તિની અતિશયોક્તિ થાય ત્યારે વાવાઝોડું, પૂર, ધરતીકંપ, દુષ્કાળ જેવી કુદરતી આફતો આવી પડે છે. તે વખતે આપણું મન વ્યાકુળ–બેબાકળું થઈ જવાથી કંઈ જ સૂઝતું નથી માટે તેનો સામનો કરવા આવી આપત્તિ કિટ સાથે બીજી નાની નાની કિટો રાખવી હિતાવહ છે.

કનુભાઈ : જેમ અત્યારે આપણે ખુલ્લા મેદાનમાં ગયાં હતાં તેમ જો વાવાઝોડું ફૂંકાય તો ઘરમાં જ રહેવું જોઈએ. બહાર નીકળાય જ નહિ.

વિજયભાઈ : કોઈ પણ આફત વખતે દૂરદર્શન અને રેડિયો ઉપરથી પ્રસારિત થતા ચેતવણી સંદેશાઓ ધ્યાનથી સાંભળવા જોઈએ, તેનું પાલન પણ કરવું જોઈએ.

દાદી : આવી કુદરતી આફતના સમયે કોઈ પણ જાતના ભેદભાવ વગર માનવધર્મ અપનાવીને એકબીજાને મદદ કરવા હંમેશાં તત્પર રહેવું જોઈએ.

અનિકેત-મિહિર : (બંને સાથે) અમે આ બધી બાબતો અમારા મિત્રોને પણ કહીશું.

**શિક્ષક - વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા**

- વધુ પડતો વરસાદ આવે ત્યારે સર્જાતી પરિસ્થિતિ બાબત સક્રિય ચર્ચા
- જોરથી ફૂંકાતા પવનને કારણે સર્જાતી પરિસ્થિતિ બાબત ચર્ચા
- અચાનક ધરતીકંપ થવાથી સર્જાતી પરિસ્થિતિની ચર્ચા
- નાની-મોટી આગ ક્યારે લાગી શકે, તેનાથી થતા નુકસાન અંગે ચર્ચા
- કુદરતી આફતોનો સામનો કરવા બાબત ચર્ચા - સાચા માનવધર્મની વાતો
- કુદરતી હોનારત અને માનવીની બેદરકારીથી થતી હોનારત વિશે ચર્ચા

## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં કયા શબ્દો વપરાયા છે ?**

૧) ભૂકંપ - ........................ ૨) ઈમારત - ........................
૩) મુશ્કેલી - ........................ ૪) કોશિશ - ........................
૫) સુરક્ષા - ........................ ૬) બળવાન - ........................
૭) લાભદાયક - ........................ ૮) ચિંતાતુર - ........................

**સ. ૨ યોગ્ય વિકલ્પ પસંદ કરી તેના ક્રમાંકને રંગો.**

૧) નીચેનામાંથી કઈ ઘટના કુદરતી આપત્તિ નથી ? ⓵ ② ③ ④
 ૧) ધરતીકંપ ૨) પૂર
 ૩) વાવાઝોડું ૪) બોમ્બબ્લાસ્ટ

૨) ધરતીકંપ થાય ત્યારે તરત તમે શું કરશો ? ① ② ③ ④
 ૧) લીફ્ટમાં જલદીથી નીચે ઊતરીશું.
 ૨) ટેબલ કે પલંગ નીચે, અગાશીમાં કે મેદાનમાં જતા રહીશું.
 ૩) ઘરનાં બારી - બારણાં ફટાફટ બંધ કરી દઈશું.
 ૪) જોરજોરથી રડવા માંડશું.



૩) પૂર આવ્યું હોય ત્યારે તમને તરસ લાગે તો શું કરશો? ① ② ③ ④
 ૧) ડોલમાં ભરેલું પાણી પીશું. ૩) નળનું પાણી પીશું.
 ૨) જ્યાંથી મળે ત્યાંથી મેળવી પાણી પીશું. ૪) તરસ્યા રહેવાનું પસંદ કરીશું.

૪) વાવાઝોડું આવે ત્યારે શું કરશો ? ① ② ③ ④

૧) ઘરમાં જ રહીશું. ૨) ફરવા જઈશું.

૩) ગભરાઈને ચીસ પાડીશું. ૪) મેદાનમાં જતા રહીશું.

**સ. ૩ કહો કોણ ?**

૧) અનિકેતના પપ્પા – ..................

૨) મિહિરના પપ્પા – ..................

૩) ધરતીકંપનો આંચકો આવ્યો ત્યારે માળા ફેરવનાર – ..................

૪) અનિકેત અને મિહિરને ધરતીકંપની સમજ આપનાર – ..................

૫) આપત્તિ કિટ હાથવગી રાખવાનું કહેનાર – ..................

**સ. ૪ એકાદ-બે વાક્યોમાં જવાબ લખો.**

૧) કુદરતની પ્રચંડ શક્તિની અતિશયોક્તિ થાય ત્યારે શું શું થાય ?

જવાબ : ...............................................................

...............................................................

૨) અચાનક આવેલી કુદરતી આફતના સમયે શું કરવું જોઈએ ?

જવાબ : ...............................................................

...............................................................

૩) ધરતીકંપ થાય ત્યારે તાત્કાલિક શું કરશો ? કોઈ પણ બે થી ત્રણ બાબત લખો.

જવાબ : ...............................................................

...............................................................

૪) દાદીએ માનવધર્મ બાબત બાળકોને શું કહ્યું ?

જવાબ : ...............................................................

...............................................................

**સ. ૫ નીચેનાં વાક્યો કોણ બોલે છે ? કોને કહે છે ?**

૧) પહેલાં નીચે ચાલ. પછી સમજાવીશ.

જવાબ : ...............................................................

૨) અને ફાયર સ્ટેશને ફોન કરી દેવાનો. બરાબરને ?

જવાબ : ...............................................................

૩) કુદરત જેટલી સુંદર છે તેનાથી વધારે શક્તિશાળી છે.

જવાબ : ...............................................................

૪) ધરતીકંપ વિશે અમને કેટલું બધું જાણવા મળ્યું.

જવાબ : ...............................................................

**સ. ૬ નીચેના શબ્દસમૂહ માટે એક શબ્દ લખો. જવાબ કૌંસમાં આપેલા શબ્દોમાંથી પસંદ કરો.**

(અગ્નિશામક, ધરતીકંપ, વાવાઝોડું, પૂર, ડીઝાસ્ટર મેનેજમેન્ટ, દુકાળ, પૂરગ્રસ્ત, દુકાળગ્રસ્ત)

૧) જોરથી પવન ફૂંકાય તે પરિસ્થિતિ – ..................................
૨) ચારેબાજુ પાણી–જ–પાણી–જળબંબાકાર – ..................................
૩) જરાપણ વરસાદ ન પડે તેવી સ્થિતિ – ..................................
૪) ધરતી ધ્રુજવા લાગે તે પરિસ્થિતિ – ..................................
૫) પૂરમાં સપડાયેલા લોકો – ..................................
૬) આગ ઓલાવવાનું સાધન – ..................................
૭) કુદરતી સંકટ વખતે મદદ કરનાર સરકારી વિભાગ – ..........................
૮) દુકાળમાં સપડાયેલા લોકો – ..................................

**સ. ૭ વિરોધી અર્થવાળા શબ્દ લખો.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | ધરતી × .................. | | ૨) | નુકસાન × ........................ | |
| ૩) | કુદરતી × .................. | | ૪) | સલામતી × ........................ | |
| ૫) | શક્તિશાળી × .................. | | ૬) | ભીનું × ........................ | |

**સ. ૮ સાચી જોડણીવાળા શબ્દ નીચે લીટી દોરો.**

| | | | |
|---|---|---|---|
| ૧) | કમપ્યુટર | કમ્પ્યુટર | કોમપ્યુટર |
| ૨) | અગ્નિશામક | અગ્નીસામક | અગ્નિષામક |
| ૩) | વાવાજોડું | વાવાઝોડૂ | વાવાઝોડું |
| ૪) | આપત્તિકિટ | આપતીકીટ | આપતિકીટ |



**હું વાંચું ............ તમે પણ વાંચો**

◆ **યાદ રાખો :** કટોકટી સમયે નીચેના નંબરો ઉપર ફોન કરવાથી તાત્કાલિક મદદ મળી રહે છે.

પોલીસ – ૧૦૦, ફાયર સર્વિસ – ૧૦૧, રેલવે – ૧૩૧ અને ૧૩૨,
એમ્બ્યુલન્સ સર્વિસ – ૧૦૮, ટ્રાફિક–અકસ્માત – ૧૦૩

સૂચના : ૧) વિદ્યાર્થીમિત્રો, આ નંબરો ઉપર કારણ વગર ખોટી રીતે કે ભૂલથી પણ ફોન ન કરાય. તેમ કરવાથી દંડ અને સજા બંને થઈ શકે છે.



૨) પોતાના વિસ્તારના ઇલેક્ટ્રિસિટી બોર્ડના નંબરોથી વિદ્યાર્થીઓને વાકેફ કરવા.

કુદરત જેટલી સુંદર છે તેનાથી વધારે શક્તિશાળી છે.

## ઉપક્રમ

- 'અ' થી શરૂ થતા શબ્દોનાં વાક્યો વાંચો.

૧) અમૃતલાલે અમીચંદને અમદાવાદ આવવા આમંત્રણ આપ્યું.
૨) અમીચંદ અમદાવાદ આવ્યા.
૩) અમીચંદે અમદાવાદમાં અમૃતલાલે આપેલો આઈસ્ક્રીમ આનંદથી આરોગ્યો.
૪) અમીચંદે અમદાવાદમાં અઠવાડિયું આનંદ અનુભવ્યો.
૫) અઠવાડિયું આનંદ અનુભવી અમીચંદ આનંદથી આણંદ આવ્યા.
૬) અલ્હાબાદના અનુભાઈએ અનાથોને અન્ન આપ્યું.
૭) અનાથોએ અનુભાઈને અંતરથી આશિષ આપ્યા.
૮) અજમેરના અમરભાઈએ અમદાવાદના અમૃતલાલના અતુલને આજે અખરોટ આપ્યા.
૯) અણહિલપુરના અમરસિંહ ઓટોરિક્ષામાં આનંદવિલાસના આરામગૃહમાં આવ્યા.
૧૦) અશોકભાઈએ આણંદથી અનાનસ આણ્યું.

- શબ્દની માલગાડી

૧) એકજ અક્ષરથી શરૂ થતાં શબ્દોના અર્થપૂર્ણ વાક્ય ઉપર પ્રમાણે તૈયાર કરવાં.

૨ જૂથ – ૧. જૂથ – એક વર્ણાક્ષર આપે.
૨. જૂથ – વાક્ય તૈયાર કરે.
(સમય ૧૦/૧૫ મિનિટ)



- આવી રીતે નીચેના અક્ષરોનો ઉપયોગ કરી વાક્યો તૈયાર કરો.

ચ ____________________

દ ____________________


ફ ____________________

મ ____________________

- નીચેના શબ્દો વર્ણમાળાના ક્રમ પ્રમાણે ગોઠવો.

આપણે, જળબંબાકાર, કુદરત, વાવાઝોડું, કમ્પ્યુટર, ધ્રૂજવું, સાધન, કરવું, સ્થિતિ, બળવાન, નંબર, નોંધ, અક્ષર, સલામતી, ભીનું, લાલ

# સમજુ વાંદરા



ગાંધી બાપુએ વીરા પાળ્યા ત્રણ વાંદરા,
સમજુ ડાહ્યા ને વળી એ છે કહ્યાગરા.
વાણી વર્તન વિવેક ખૂબ સારા,
સાચી સમજ એ આપનારા ...

પહેલા વાંદરાભાઈ મોઢું રાખે બંધ,
'જૂઠ – દંભી' બોલવું એને નથી પસંદ.
'સત્ય વચન' પ્રિય બોલનારા,
સાચી સમજ એ આપનારા ...

બીજા વાંદરાભાઈ કાન દાબી રાખે,
'નિંદા કૂથલી ટંટા' કદી ના સાંખે.
'સદ્‌ગુણ અન્યોના' સુણનારા,
સાચી સમજ એ આપનારા ....



ત્રીજા વાંદરાભાઈ આંખ મીંચી બેઠા,
'વિકૃત મલિન દશ્ય' કદી ના દીઠા.
'સત્ય દર્શન' કરનારા,
સાચી સમજ એ આપનારા ....



ગાંધીબાપુ છે રાષ્ટ્રપિતા આપણાં,
પ્યારા બાળક છીએ આપણે સોહામણાં.
'વ્હાલા બાપુ'ના બોલ પાળનારા,
સાચી સમજ એ આપનારા ....

- મનહર બી. પંચાલ

### શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- ગાંધીબાપુનાં પ્રિય રમકડાં વિશેના પૂર્વજ્ઞાનની ચકાસણી માટેના પ્રશ્નોત્તર
- ત્રણ વાંદરાંનાં રમકડાં બાબત સક્રિય ચર્ચા
- ત્રણેય વાંદરાંની શિખામણ બાબત વિશદ ચર્ચા
- સમૂહમાં કાવ્યગાન
- ગાંધીજી–ત્રણ વાંદરાનું રમકડું બંનેની તુલનાત્મક ચર્ચા

## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં કયા શબ્દો વપરાયા છે ?**

૧) વાનર – .......................... ૨) બોલી – ......................
૩) વર્તણૂક – .......................... ૪) ખોટું – ......................
૫) ગંદું – .......................... ૬) સમજદાર – ......................

**સ. ૨ એકાદ – બે વાક્યમાં જવાબ લખો.**

૧) ગાંધીબાપુએ પાળેલા ત્રણ વાંદરા કેવા હતા ?

જવાબ : ..............................................................................

૨) ત્રણેય વાંદરામાં કયા કયા ગુણો હતા ?

જવાબ : ..............................................................................

**સ. ૩ યોગ્ય રીતે જોડો : જોડીને નીચે ફરી લખો.**



૧) પહેલા વાંદરાભાઈ .... કાન દાબી રાખે છે.

૨) બીજા વાંદરાભાઈ .... આંખ મીંચી બેઠા છે.

૩) ત્રીજા વાંદરાભાઈ .... મોઢું બંધ રાખે છે.

જવાબ : ૧) ...........................................................................

: ૨) ...........................................................................

: ૩) ...........................................................................

**સ. ૪ કહો કોણ ?**

૧) વિકૃત દૃશ્ય કદી ન જોનાર – ................................

૨) જૂઠું બોલવાનું પસંદ ન કરનાર – ................................

૩) નિંદા કૂથલી કદી ના સાંખનાર – ................................

૪) બાપુના વચન પાળનારા – ................................

**સ. ૫ વિરોધી અર્થવાળા શબ્દ લખો.**

૧) સમજુ × ....................... ૨) ડાહ્યા × .......................

૩) વિવેક × ....................... ૪) નિંદા × .......................

૫) સદ્‌ગુણ × ....................... ૬) મલિન × .......................

૭) સત્ય × ....................... ૮) પસંદ × .......................

**સ. ૬ જોડણી સુધારી ફરી લખો.**

૧) ક્યાગરા = ..................... ૨) વરતન = .....................

૩) વિકરુત = ..................... ૪) રાસ્ટપીતા = .....................

- **આટલું જાણો :** ચીનમાં આ રમકડું બનાવાયું હોવાથી આ રમકડાંના બનાવનાર દેશ તરીકે ચીનને ગણવામાં આવે છે. ચીનમાં લોકો પોતાના બેઠકખંડમાં આ રમકડું રાખતા હોય છે.


## ચકલી

શાને રિસાઈ તું ગૈ
ઓ ચકલી ! શાને રિસાઈ તું ગૈ ? .....

માળો ખસેડ્યો મેં ઘર ઊંચું લેવા
એથી રિસાઈ ઊડી ગૈ ! ......... ઓ ચકલી .........

જગ્યા રાખી છે અલી ! તારા માટે ત્યાં
માળાને ધ્યાનમાં લૈ ........ ઓ ચકલી .........

દાણા ચણવાને હવે ધાબે તમે આવજો
સખીઓ બધી ભેગી થૈ .... ઓ ચકલી .........





ભરીને મૂકી છે પાણીની ઠીબ ત્યાં
પીજો ધરાઈ તમે ભૈ .... ઓ ચકલી .........

તારાં મધુરાં ગીતો સવારમાં
સાંભળીશ ક્યાં હું જૈ ....... ઓ ચકલી ........

વિશ્વાસે સૂઈ જાઉં, આવી ઉઠાડજે
ઘરમાં કલરવ ભરી દૈ ........ ઓ ચકલી ........

– વિનોદ જાની

**સારું જુઓ, સારું સાંભળો, સારું બોલો.**




# પત્ર લેખન

એ/૧૦૯, 'વસુંધરા',
સરદાર વલ્લભભાઈ પટેલ માર્ગ,
દરિયાપુર.
તા. : ૧૭.૧૧.૨૦૧૪

પ્રિય સખી/પ્રિય મિત્ર,

તારો પત્ર મળ્યો. વાંચીને ઘણો જ આનંદ થયો. આ રીતે પત્ર લખતી/લખતો રહેજે. હું પણ લખતી/લખતો રહીશ. તેથી આપણને દૂર હોવાનું દુઃખ ન થાય. તારા ઘરે બધાં કુશળ હશે એમ માની લઉં છું. મારા ઘરે પણ બધાં કુશળ છે.

બીજું આ પત્ર લખવાનું એક ખાસ કારણ છે. આ વર્ષે અમારી સોસાયટીમાં નાતાલની રજાઓમાં દેશી રમતોત્સવનું આયોજન કરવામાં આવેલ છે. એ રમતો રમવામાં ખૂબ મજા આવશે. માટે હું તને હૃદયપૂર્વક આમંત્રણ આપું છું. તારે જરૂરથી આવવાનું છે. શાળામાં વેકેશન હોવાથી અભ્યાસ બગડવાની કોઈ સમસ્યા નથી. તને એ રમતોની જાણ થાય માટે આ પત્ર સાથેના કાગળમાં રમતોની જાણકારી મોકલું છું. તે વાંચવાથી તને અંદાજ આવી જશે.


અમે તો અત્યારથી જ આ રમતો રમવાની પ્રેક્ટીસ શરૂ કરી દીધી છે. તું પણ ત્યાં તારા મિત્રો સાથે રમીને જરૂર પ્રેક્ટીસ કરજે.

ત્યાં તારાં પૂજ્ય મમ્મી-પપ્પાને મારા પ્રણામ. ચિંટુને મારો પ્રેમ.

નાતાલની રજાઓમાં તારા આવવાની પ્રતીક્ષા કરતી / કરતો

– લિ. તારી સખી / તારો મિત્ર

## આંબલી - પીપળી



આ રમત જ્યાં પીપળાનું, વડનું અથવા તેવું બીજું કોઈ નીચું ઝાડ હોય તેવા ઠેકાણે આઠ અથવા તેથી વધારે બાળકોથી રમાય છે. બધાં બાળકો ઝાડ નીચે ઊભા રહે. ત્યાં એક કૂંડાળું કરી તેમાં એક દંડો મૂકે. પછી ગમે તે એક બાળક કૂંડાળામાં ઊભો રહીને તે દંડો પોતાના હાથમાં લઈને જમણો પગ ઊંચો કરી તેની નીચે હાથ નાખી દંડાને જોરથી દૂર ફેંકે. જેના ઉપર દાવ હોય તે છોકરો દંડો લેવા દોડે. તેટલામાં બધાં બાળકો ઝાડ ઉપર ચડી જાય. દાવવાળું બાળક દંડો લાવી, પેલા કૂંડાળામાં મૂકી, બાળકોને પકડવા માટે ઝાડ ઉપર ચડે એટલે ઝાડ ઉપર ચડેલાં બાળકો એક ડાળથી બીજી ડાળ કૂદાકૂદ કરી નાસભાગ કરે અથવા નીચે કૂદી પડે અને પેલા કૂંડાળામાં પગ મૂકી દે. પછી દંડો લઈ પગ નીચે નાંખી ફરીથી દંડાનો ઘા કરે. એટલે દાવવાળા છોકરાને ફેંકેલો દંડો લેવા ફરીથી જવું પડે. જો કૂંડાળામાં પગ મૂકતાં પહેલાં દાવવાળું બાળક કોઈને અડી જાય તો તેના ઉપરથી દાવ ઊતરે અને જેને અડ્યું હોય તેના પર દાવ આવે, એટલે ફરીથી ઉપર પ્રમાણે રમત ચાલે. આ રમત શરીરનાં અંગો ચપળ બનાવે છે. આ રમત સાચવીને રમવી જોઈએ.

# મોઈદાંડિયો (ગિલ્લીદંડો)



આ રમતમાં સૌપ્રથમ જમીનમાં એક નાનો ખાડો કરવામાં આવે છે. તેને ગબી અથવા બદી કહેવામાં આવે છે. પછી રમનારાના બે પક્ષ પાડવામાં આવે છે. દાવ દેનાર પક્ષ ગબીથી ચોક્કસ અંતરે એકબીજાની પાછળ તથા એક લાઈનમાં થોડે થોડે દૂર ગોઠવાઈ જાય. પછી દાવ લેનાર પક્ષમાંનું એક બાળક ગબી ઉપર મોઈ મૂકી તેની પાછળ દાંડિયાનો છેડો ભરાવી મોઈ ઉલાળે. દાવ દેનાર પક્ષ તે મોઈ ઝીલવા પ્રયાસ કરે છે. જો મોઈ ઝીલાઈ જાય તો તે દાવ લેનાર રમતમાંથી બહાર થઈ જાય. પછી દાવ લેનાર પક્ષમાંથી બીજું બાળક દાવ લેવા આવે. પરંતુ જો મોઈ ન ઝીલાય તો તે દાંડિયો ગબી ઉપર આડો મૂકે અને દાવ દેનાર પક્ષમાંથી દરેક બાળક તે મોઈ લઈ દાંડિયાને આંટે. જો દાંડિયો અંટાય તો તે દાવ લેનારને રમતમાંથી બહાર નીકળી જવું પડે અને ન અંટાય તો તે દાંડિયો લઈ તેના ઉપર આડી મોઈ મૂકી તેને હવામાં જરા ઉછાળી દાંડિયા વડે ફટકો મારે. તે વખતે જો મોઈ ઝીલાઈ જાય તો તેને અલગ બેસવું પડે અને ન ઝીલાય તો દાવ દેનારમાંથી કોઈ તે મોઈ લઈ ગબી તરફ ઘા કરે. દાવ લેનારો મોઈને ફટકો મારે પછી જ્યાં મોઈ પડે ત્યાં સુધીનું ગબીથી અંતર તે જ દાંડિયા વડે માપવામાં આવે છે. પરંતુ જો મોઈ ગબીની નજીક પડે અને અંતર માપતા જો એકપણ દાંડિયા ન થાય. તો તેનો દાવ પૂરો થાય. આમ પક્ષનાં બધાં બાળકો દાવ લઈ રહે ત્યારે તે પક્ષ દાવ દેવા ઊતરે અને સામો પક્ષ દાવ લે છે.

## હું વાંચું ............ તમે પણ વાંચો




**પ્રિય મિત્ર / પ્રિય સખી,**

હમણાં ઘણા વખતથી તારો પત્ર નથી. તો આ પત્ર મળે કે તરત જ જવાબ લખજે.

બીજું ખાસ જણાવવાનું કે ગયા રવિવારે અમારા વર્ગનાં બધાં વિદ્યાર્થીઓ અમારા વર્ગશિક્ષક સાથે એલિફન્ટાના પ્રવાસે ગયાં હતાં. ત્યાં જે આનંદ કર્યો તેના વિશે તને લખું છું. તને તે વાંચીને ખરેખર મજા આવશે.

સવારે છ વાગે શાળામાંથી બસમાં બેસી અમે થોડીવારમાં જ પાલવા બંદર પહોંચી ગયાં હતાં. પાલવાથી લૉન્ચમાં બેસી ગયાં. ખુશનુમા સવારે કુદરતનું ખીલેલું દૃશ્ય જોતાંજોતાં, ઊગતા સૂરજને જોઈ ખુશ થતાં અને ગીતો ગાતાં ગાતાં એલિફન્ટા પહોંચી ગયાં.

અહીંની ગુફામાં પથ્થરમાંથી કોતરેલો એક હાથી હતો. હાથીને અંગ્રેજીમાં એલિફન્ટ કહેવાય માટે અંગ્રેજોએ આ ગુફાનું નામ એલિફન્ટા પાડ્યું હતું. તેને ધારાપુરી પણ કહેવાય છે. અહીં પહાડના ખડકમાંથી કોતરેલી સુંદર ભવ્ય મૂર્તિઓ અમે જોઈ હતી. તે મૂર્તિઓ ખંડિત હોવા છતાં ખૂબ સુંદર લાગતી હતી. તેની આજુબાજુનું કુદરતી દૃશ્ય મન ભરીને માણી લીધા પછી એક ઝાડની છાયામાં બેસી શાંતિમંત્ર બોલ્યાં પછી જમ્યાં.

જમી લીધા પછી તે જગ્યા સાફ કરી ગુફાની પાસેના ચોકમાં ભેગાં થયાં. ગીતો ગાયાં, જાદુના ખેલ કર્યા પછી અમારા શિક્ષકે ભીમના પરાક્રમની વાતો કહી ખૂબ આનંદ કરાવ્યો.


સાંજે ફરી લૉન્ચમાં બેસી પ્રવાસની વાતો કરતાં કરતાં તેમજ સૂર્યાસ્તની શોભા જોતાં જોતાં ફરી પાલવા આવ્યાં. પછી ત્યાંથી બસમાં બેસી શાળામાં આવ્યાં અને શાળામાંથી શિક્ષકની રજા લઈ ઘરે આવ્યાં.

ત્યાં તારાં મમ્મી પપ્પાને મારા પ્રણામ કહેજે.

લિ. તારો મિત્ર / તારી સખી

# ક્રિયાપદ

◆ નીચેનાં ચિત્રોનું નિરીક્ષણ કરી કયું ક્રિયાપદ દર્શાવે છે તે ચિત્રની નીચે લખો.



**યાદ રાખો :**

◆ વાક્યમાં ક્રિયા દર્શાવતા શબ્દને વ્યાકરણની ભાષામાં ક્રિયાપદ કહેવાય છે. ક્રિયાપદ વાક્યને પૂર્ણ કરે છે. ક્રિયાની બાબતમાં ત્રણ બાબત સંભવી શકે. (૧) ક્રિયા થઈ ગઈ હોય, (૨) ક્રિયા ચાલુ હોય અને (૩) ક્રિયા થવાની હોય.

◆ નીચેનાં વાક્યો વાંચી ક્રિયાપદ ઓળખી તેની નીચે લીટી દોરો.

૧) વિદ્યાર્થીઓ પરીક્ષામાં પેપર લખે છે.
૨) ઘરના લોકો ટી. વી. જુએ છે.
૩) વાડીમાં લોકો જમતાં હતાં.
૪) વાંદરા ઝાડ ઉપર કૂદે છે.
૫) તળાવમાં માછલીઓ તરતી હતી.
૬) ડુંગર ઉપરથી ઝરણું વહે છે.
૭) છોકરાઓ બાંકડા પર બેઠા છે.
૮) રવિવારે અમે ક્રિકેટ રમીશું.
૯) અમે હવે નિયમિત વાંચીશું.
૧૦) આકાશમાં પક્ષીઓ ઊડે છે.
૧૧) પિયુ આંસુ લૂછે છે.
૧૨) પિક્ચર જોઈને આવ્યા પછી બહેન સૂઈ ગઈ.
૧૩) દરજી કપડાં સીવે છે.
૧૪) વડના ઝાડની વડવાઈઓ લટકે છે.
૧૫) અમે બધા ઉજાણીએ જઈએ છીએ.

# બહુ રે ગમે

બહુ રે ગમે, બહુ રે ગમે
મા, મને શિયાળો બહુ રે ગમે,
ઠંડી ઠંડી સવાર, લાગે ઠંડી અપાર,
એવી ઠંડીમાં મારે જાવું નિશાળ
સ્વેટર પહેરીને જવું બહુ રે ગમે,
મા, મને શિયાળો બહુ રે ગમે.





બહુ રે ગમે, બહુ રે ગમે
મા, મને ઉનાળો બહુ રે ગમે,
ઊની ઊની બપોર તાપ લાગે જોરદાર,
એવા તાપમાં મારે જાવું નિશાળ
ટોપી પહેરીને માથે જાવું ગમે,
મા મને ઉનાળો બહુ રે ગમે.

બહુ રે ગમે, બહુ રે ગમે
મા મને ચોમાસુ બહુ રે ગમે,
ભીની ભીની સવાર, ભીની ભીની બપોર,
ઝરમર વરસાદમાં મારે જાવું નિશાળ
છત્રી ફેંકીને પલળવું ગમે,
મા મને ચોમાસુ બહુ રે ગમે.



## શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- વર્ષની મુખ્ય ઋતુ અને પેટાઋતુ વિષયક ચર્ચા
- વર્ષની ત્રણ ઋતુઓ. શિયાળો, ઉનાળો, ચોમાસાની ચર્ચા સાથે દરેક ઋતુનાં ફળો, શાકભાજી, તહેવારો, ખોરાક, પોષાક વિષયક ચર્ચા
- બાળકોને ગમતી ઋતુ વિશે પ્રશ્નો
- ઋતુ અનુસાર શાળામાં થતી પ્રવૃત્તિઓ

## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં કયા શબ્દો વપરાયા છે ?**

| | |
|---|---|
| ૧) ટાઢ – ........................ | ૨) શાળા – ........................ |
| ૩) ગરમ – ........................ | ૪) તડકો – ........................ |
| ૫) ભીંજાવું– ........................ | ૬) વર્ષાઋતુ – ........................ |

**સ. ૨ કાવ્યપંક્તિ પૂર્ણ કરો.**

૧) ઠંડી ઠંડી ..............................................................

૨) ઊની ઊની ..............................................................

૩) ભીની ભીની ..............................................................

૪) છત્રી ફેંકીને ..............................................................

**સ. ૩ ક્યારે (કઈ ઋતુમાં) ઉપયોગ કરશો ?**

૧) સ્વેટર – ....................

૨) ટોપી – ....................

૩) છત્રી – ....................

૪) રેઈનકોટ – ....................

**સ. ૪ સાચા શબ્દ ફરતે ગોળ કરો.**

| | | | |
|---|---|---|---|
| ૧) | ઋતુ | રુતુ | રૂતુ |
| ૨) | સિયાળો | શીયાળો | શિયાળો |
| ૩) | છતરી | છત્રી | છત્રિ |



**સ. ૫ એકાદ બે વાક્યો તમારા શબ્દોમાં લખો.**

૧) શિયાળો – ..............................................................
..............................................................

૨) ઉનાળો – ..............................................................
..............................................................

૩) ચોમાસુ – ..............................................................
..............................................................

- **યાદ રાખો :** ઝરમર વરસતા વરસાદમાં છત્રી વગર બહાર નીકળી ભીંજાવાનો લ્હાવો લેવા જેવો ખરો !

◆ નીચે આપેલા શબ્દોને વર્ણમાળાના ક્રમ પ્રમાણે ગોઠવો.

સાંજ, મંદિર, ઝાલર, ટમકવું, દીવડો, ધરતી, છત્રી, ઉનાળો, અલગ, ટાઢ, ગરમ, ઝરમર, ફેંકવું, પહેરવું, ઊગવું, કપડાં

## હું વાંચું ............. તમે પણ વાંચો

### સાંજ પડી

પંખી માળે આવ્યાં કેમ ? સાંજ પડી.
ફૂલ ફરી બિડાયાં કેમ ? સાંજ પડી.
સૂરજ રાતો લાગે કેમ ? સાંજ પડી.
ઘુવડ રાજા જાગે કેમ ? સાંજ પડી.
મંદિર ઝાલર વાગે કેમ ? સાંજ પડી.
ગોધણ વાડે ભાગે કેમ ? સાંજ પડી.
નભમાં તારા ટમક્યા કેમ? સાંજ પડી.
ચાંદામામા ચમક્યા કેમ ? સાંજ પડી.
તમરાં ત્રમ ત્રમ કરતાં કેમ? સાંજ પડી.
દીવડે ફૂદાં ભમતાં કેમ ? સાંજ પડી.
ધરતીમાતા પોઢે કેમ ? સાંજ પડી.
અંધારાને ઓઢે કેમ ? સાંજ પડી.

- અશ્વિન ચંદારાણા



**ઋતુએ આવે મોગરા, ઋતુએ આવે ફૂલ ;**
**ઋતુ વિનાનું ચાહિયે, એ તો ધૂળેધૂળ.**

# કાળ

- ધ્યાનપૂર્વક વાંચો.
  - શિલ્પાએ પાઠ વાંચ્યો.
  - જીમીત પાઠ વાંચે છે.
  - રૂપલ પાઠ વાંચશે.





  - ખેડૂતો ઝાડ નીચે બેસી જમતા હતા.
  - અમારા ઘરે મહેમાનો જમે છે.
  - કાલે અમે હોટેલમાં જમીશું.
  - કાલે મામા–મામી આવ્યાં હતાં.
  - જુઓ, સામેથી દાદા આવે છે.
  - કાકા–કાકી કાલે આવશે.



| ભૂતકાળ | વર્તમાનકાળ | ભવિષ્યકાળ | ભૂતકાળ | વર્તમાનકાળ | ભવિષ્યકાળ |
|---|---|---|---|---|---|
| હતા | છે | હશે | આવ્યા | આવે છે | આવશે |
| લખતો હતો | લખું છું | લખીશ | કર્યું | કરે છે | કરશે |
| બેઠાં હતાં | બેઠાં છે | બેસશે | મળ્યા | મળે છે | મળશે |
| રમ્યા | રમે છે | રમશે | રડતા હતા | રડે છે | રડશે |
| ગયા | જાય છે | જશે | જમ્યો | જમે છે | જમશે |
| વાંચ્યો | વાંચે છે | વાંચશે | હસ્યા | હસે છે | હસશે |
| કૂદ્યા | કૂદે છે | કૂદશે | બનાવ્યો | બનાવે છે | બનાવશે |
| પડ્યો | પડે છે | પડશે | મૂક્યા | મૂકે છે | મૂકશે |

- **યાદ રાખો :**



| | | |
|---|---|---|
| ક્રિયા થઈ ગઈ હોય તો તે | – | ભૂતકાળ |
| ક્રિયા ચાલુ હોય તો તે | – | વર્તમાનકાળ |
| ક્રિયા થવાની હોય તો તે | – | ભવિષ્યકાળ |
| આ રીતે કાળ એટલે સમય | – | ક્રિયાનો સમય દર્શાવતા સમય પ્રમાણે કાળ નક્કી થાય છે. |



## સ્વાધ્યાય



**સ. ૧ કયો કાળ દર્શાવે છે ? તે લખો.**

૧) ગયા વર્ષે ધોધમાર વરસાદ પડ્યો. ..............................

૨) આ વર્ષે વરસાદ ઓછો પડે છે. ..............................

૩) આવતા વર્ષે ખૂબ વરસાદ પડશે. ..............................

૪) ખેડૂતો દર વર્ષે વરસાદની રાહ જુએ છે. ..............................

૫) હું નાટક જોવા જઈશ. ..............................

૬) મારાં ફઈબા કાલે આવ્યાં હતાં. ..............................

૭) મેં નવાં કપડાં પહેર્યાં. ..............................

૮) બાએ સુંદર રંગોળી કરી. ..............................

૯) તમે મોટા થઈને શું બનશો ? ..............................

૧૦) કર્ણ સદાય કવચકુંડળ પહેરતો હતો. ..............................

# વરુ અને ઘેટું



ઘેટાનું એક બચ્ચું હતું. રમતાં રમતાં તે તેની માથી વિખૂટું પડી ગયું. વાડાથી જરા દૂર પણ નીકળી ગયું.

નાનું ઘેટું નવી ધરતી પર ફરતું ને નાચતું હતું. એકાએક વરુનો ઘૂરકાટ એના કાને પડ્યો. બચ્ચું બિચારું થંભી ગયું. બિચારાએ વરુભાઈને પહેલવહેલું જ ભાળ્યું. એ તો થરથર કાંપવા લાગ્યું.

વરુને થયું, 'આ લાગ સારો છે. કંઈક બહાનું કાઢીએ અને આને ફાડી ખાઈએ.'

વરુ ઘૂરકીને બોલ્યું, 'હં, બદમાશ, ગયે વર્ષે તેં મને ગાળ દીધી હતી, કેમ ?'

ઘેટાએ નમ્રતાથી જવાબ આપ્યો, 'પણ બાપુ, ગયે વર્ષે તો હું જન્મ્યું પણ ન હતું !'

વરુએ બીજો વાંક કાઢ્યો, 'ઠીક ઠીક, પણ મારા ખેતરમાં આવીને તું ચરી જાય છે, ખરું ને ?'

ઘેટાએ ધીમેથી જવાબ આપ્યો, 'દાદા, હજી તો હું ઘાસ ખાતાં શીખ્યુંય નથી તો ?'

વરુ પાછું પડ્યું. પણ તેથી તો તે બમણું ઘૂરક્યું : 'હા, હા, તું મારા કૂવામાંથી રોજ પાણી પી જાય છે. સાચું ને ?'

બહુ બીતાં બીતાં ઘેટાએ કહ્યું, ‘બાપુ, હજી તો હું છેક નાનું છું. મેં હજી પાણી તો ચાખ્યું પણ નથી ?’

વરુને થયું, ‘આમાં કંઈ ન વળે. આપણે આપણી રીતે જ કામ કરીએ.’

જોરથી તે ઘૂરક્યું, ‘હાં, હાં, હું તને જાણું છું. આવાં બહાનાં મારી આગળ નહિ ચાલે. બસ તારો વાંક જ છે.’

વરુ ઘેટાને મારી ખાવા જતું હતું ત્યાં તો ઘેટાનો માલિક તેને શોધતો શોધતો ત્યાં આવી પહોંચ્યો. વરુ તેને જોઈ નિરાશ થયું અને નાસી ગયું. આમ ઘેટાનું બચ્ચું બચી ગયું.

તો મિત્રો જોઈને ઘેટાની ચાલાકી ! ગમે તેવી મુશ્કેલી આવે પણ હિંમત ન હારવી.

- ગિજુભાઈ બધેકા

### શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- પંચતંત્ર, હિતોપદેશની વાર્તા, ઈસપની અન્ય વાર્તા ભાવવાહી રીતે કહેવી. દા.ત. કુંભાર અને તેના ગધેડાની વાર્તા
- ગિજુભાઈની અન્ય વાર્તા કહેવી
- વારાફરતી દરેક વિદ્યાર્થી પાસે વાર્તાનું મોટેથી વાંચન કરાવવું.
- નીચેના જેવા પ્રશ્નો પૂછી ઉત્તર મેળવવા.
  - ૧) રમતાં રમતાં કોણ વિખૂટું પડી ગયું હતું ?
  - ૨) ઘેટાનું બચ્ચું શાથી કાંપવા લાગ્યું ?
  - ૩) વરુએ બચ્ચાના કયા કયા વાંક કાઢ્યા ?
  - ૪) દરેક વખતે બચ્ચાએ શો બચાવ કર્યો ?
  - ૫) ઘેટાનું બચ્ચું કેવી રીતે બચી ગયું ?
- તમે બચ્ચાની જગ્યાએ હો તો શું કરો ?



### સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં કયા શબ્દો વપરાયા છે ?**

| | | | |
|---|---|---|---|
| ૧) અલગ | – ..................... | ૨) જમીન | –........................... |
| ૩) અચાનક | – ..................... | ૪) જોયું | –........................... |
| ૫) મોકો | – ..................... | ૬) ગુનો | –........................... |
| ૭) હતાશ | – ..................... | ૮) ધ્રુજવું | –........................... |

**સ. ૨ નીચેનાં વાક્યો કોણ બોલે છે ? કોને કહે છે ?**

૧) ‘પણ બાપુ ગયે વર્ષે તો હું જન્મ્યું પણ ન હતું !’

જવાબ : ..........................................................................

૨) ‘હા, હા, તું મારા કૂવામાંથી રોજ પાણી પી જાય છે. સાચું ને ?’

જવાબ : ..........................................................................

૩) 'આવાં બહાનાં મારી આગળ નહિ ચાલે.'

જવાબ : ..................................................................

## સ. ૩ નીચેના પ્રશ્નોના ઉત્તર લખો.

૧) ઘેટાનું બચ્ચું શું કરતું હતું ?

જવાબ : ..................................................................

..................................................................

૨) વરુને જોઈ ઘેટાનું બચ્ચું શું કરવા લાગ્યું ?

જવાબ : ..................................................................

..................................................................

૩) ઘેટાના બચ્ચાને જોઈને વરુને શી ઇચ્છા થઈ ?

જવાબ : ..................................................................

..................................................................

૪) ઘેટાનું બચ્ચું શાથી બચી ગયું ?

જવાબ : ..................................................................

..................................................................

## સ. ૪ નીચેનાં વિધાનોને વાર્તાના ક્રમ મુજબ ગોઠવી ફરીથી લખો.



૧) ઘેટાનો માલિક આવે છે.
૨) વરુને જોઈને બચ્ચું કાંપવા લાગે છે.
૩) બચ્ચાને મારી નાંખવા તેનો વાંક શોધે છે.
૪) ઘેટાનું એક બચ્ચું હતું.
૫) બચ્ચું બચી જાય છે.
૬) વરુ નિરાશ થઈ નાસી જાય છે.

જવાબ ૧) ..................................................................
૨) ..................................................................
૩) ..................................................................
૪) ..................................................................
૫) ..................................................................
૬) ..................................................................



**સ. ૫ નમૂના પ્રમાણે શબ્દ બનાવો.**

દા.ત. આવ્યું – આવવું

૧) શીખ્યું – ........................ ૨) બોલ્યું – ........................

૩) ચાખ્યું – ........................ ૪) ભાવ્યું – ........................

૫) ઘૂરક્યું – ........................ ૬) લાગ્યું – ........................

**સ. ૬ વિરોધી અર્થવાળા શબ્દ લખો.**

૧) દૂર × ........................ ૨) ધરતી × ......................

૩) સાચું × ........................ ૪) માલિક × ....................

**સ. ૭ જોડણી સુધારી શબ્દ ફરી લખો.**

૧) વીખુટું – ........................ ૨) જનમ્યું – ........................

૩) ઘુરકીયું – ........................ ૪) બદમાસ – ........................

◆ **યાદ રાખો :**

| | | |
|---|---|---|
| વિખૂટું પડી જવું | – | છૂટા પડી જવું |
| ઘૂરકાટ | – | ગળામાંથી નીકળતો અવાજ |
| થરથર કાંપવું | – | ડરથી ધ્રુજવું |
| બહાનું કાઢવું | – | ખોટું કારણ બતાવવું |
| થંભી જવું | – | અટકી જવું |
| લાગ સારો હોવો | – | તક સારી હોવી |
| ફાડી ખાવું | – | મારી નાંખવું |

**હું વાંચું ............ તમે પણ વાંચો**

## ધીરજનાં ફળ મીઠાં

દશરથભાઈની વાડીમાં સરસ મજાનો આંબો હતો. આંબા ઉપર મોટી–મોટી લીલી કેરીઓ હતી. એને ઉતારીને ટોપલામાં ઘેર લાવ્યા. બધાં છોકરાં કેરીઓ જોઈને નાચવા લાગ્યાં. દશરથભાઈએ કહ્યું , 'હજી કેરીઓ કાચી છે. ચાર–પાંચ દિવસ પછી પાકે એ પછી ખાવાની છે.' પણ છોકરાંઓ કંઈ માને? કેરીઓ લીધા પછી ખાધા વગર કેમ રહેવાય ? કાચી કેરી ખાય, ખાટી લાગે એટલે ફેંકી દે. આમ, થોડીક કેરીઓ બગાડી. ચાર દિવસ પછી અલગ રાખેલી કેરીઓ દશરથભાઈએ બધાંને આપી. એ કેરીઓ તો ખૂબ મીઠી હતી. છોકરાં પસ્તાયાં કે નકામી ઉતાવળ કરી. ધીરજ રાખી હોત તો હજી ઘણી કેરીઓ ખાવા મળત !

ત્યારે દશરથભાઈએ બધાંને સમજાવ્યું કે, 'ધીરજનાં ફળ હંમેશાં મીઠાં હોય છે.'

મુશ્કેલીના સમયે ધીરજ રાખવી એ અર્ધી જીત છે.

## વાંચો, વિચારો અને નક્કી કરો

શ્રદ્ધા, સાધના અને પૂજા ત્રણે બહેનપણીઓ છે. તેઓમાંથી એક મમ્મી સાથે, એક દાદી સાથે અને એક માસી સાથે બગીચામાં જાય છે. ત્રણેયની પાસે કમળ, મોગરો અને ગુલાબનું એક એક ફૂલ છે. એકે પંજાબી ડ્રેસ, એકે ફ્રોક અને એકે સ્કર્ટ પહેર્યાં છે.



- **આટલી માહિતી ઉપરથી તમારે શોધવાનું છે કે,**
  - ત્રણે બહેનપણીઓમાંથી કોણ કોની સાથે આવ્યું હતું ?
  - કોણે ક્યો ડ્રેસ પહેર્યો હતો ?
  - કોની પાસે કયું ફૂલ હતું ?



- **જવાબ સહેલાઈથી શોધી શકાય તે માટે નીચે કેટલીક ચાવીઓ આપી છે.**
  - શ્રદ્ધાએ ફ્રોક પહેર્યું નથી. તે તેની દાદી સાથે આવી છે.
  - જે મમ્મી સાથે આવી છે તેની પાસે મોગરાનું ફૂલ છે.
  - જેની પાસે ગુલાબ છે તેણે સ્કર્ટ પહેર્યું છે.
  - જેણે પંજાબી ડ્રેસ પહેર્યો છે તે માસી સાથે આવી છે પણ તે પૂજા નથી.

**જવાબ શોધી નીચેનો કોઠો પૂરો કરો.**


| બહેનપણીઓ | ડ્રેસ | કોની સાથે આવી ? | કયું ફૂલ છે ? |
|---|---|---|---|
| શ્રદ્ધા | | | |
| સાધના | | | |
| પૂજા | | | |

- **નીચે આપેલા શબ્દોને વર્ણમાળાના ક્રમ પ્રમાણે ગોઠવો.**

ફ્રૉક, મોગરો, કોનું, શું, માલિક, લાગ, તકાજો, ધરતી, વાંચવું, ઘૂરકાટ, બહાનું, સાચું, મન, છોકરી, ઊઠવું



# શ્યામની મા



(સાને ગુરૂજીએ લખેલા 'શ્યામચી આઈ' પુસ્તકનો ગુજરાતીમાં અનુવાદ નટવરલાલ દવેએ કર્યો છે. તેનું નામ છે 'શ્યામની મા.' આ પુસ્તકમાંના ૧૨ મા પ્રકરણ 'ભૂતદયા'નો ટૂંકસાર અહીં આપેલ છે. તે વાંચો અને પ્રેરણા મેળવો.)

શ્યામ અને તેનો ભાઈ એક વખત આંગણામાં રમતા હતા ત્યારે આંગણાના ઝાડ ઉપરથી એક પક્ષીનું બચ્ચું નીચે પડ્યું. તેની પાંખ પણ બરાબર ફૂટી નહોતી. 'ચીં...ચીં'ની કરુણ ચીસો સાંભળીને બંને ભાઈઓ તેને ઘરમાં લઈ ગયા. રૂ ઉપર તેને મૂકી ચોખાની કણકી ચાંચમાં આપવા લાગ્યા – અને ઝારીથી પાણી પિવડાવવા લાગ્યા. તેથી તે પંખી વધારે દુઃખી થયું. દુઃખી થતાં પંખીને જોઈ શ્યામે તેની માતાની સલાહ માંગી. માએ પ્રેમથી બચ્ચાને હાથમાં લઈ પછી ધીમે રહી રૂ ઉપર મૂક્યું અને શ્યામને સમજાવ્યું કે તેને અડીઅડીને દુઃખી ન કરો. ખૂબજ ઊંચેથી પડ્યું હોવાથી તેને ખૂબ પીડા થઈ રહી છે.

બંને ભાઈઓ બચ્ચાને જોતા જ રહ્યા. છેવટે તે મરી ગયું. માતાની સલાહ પ્રમાણે બંને ભાઈઓએ જમીનમાં ખાડો ખોદી તેમાં શેવંતી અને મોગરાનાં ફૂલ ઉપર માતાએ આપેલા રેશમી કપડામાં વીંટાળી પક્ષીના બચ્ચાનો દેહ મૂક્યો અને દાટી દીધો.



માતાએ ભાઈઓને સમજાવ્યું કે, 'તમે આ બચ્ચાને પ્રેમ આપ્યો છે તેથી ભગવાન તમારી ઉપર પ્રેમ રાખશે. કીડી, મંકોડી, પશુપક્ષી ભગવાનનાં બાળકો છે. તેમની મદદ કરીએ તો ભગવાન તેનાથી સો ગણી મદદ આપણને કરે છે. તે ક્યારેય ભૂલશો નહિ અને પ્રાણીમાત્ર ઉપર દયા રાખશો. તેવી જ રીતે પોતાના ભાઈભાંડુઓને પણ ભૂલતાં નહિ. એકબીજાને ચાહતા રહેજો.'

- નટવરલાલ દવે

### શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- 'શ્યામની મા' પુસ્તક મેળવીને તેમાંના અન્ય એક પ્રસંગને ભાવવાહી રીતે શિક્ષકે વાર્તારૂપે કહેવો.
- પ્રસ્તુત પ્રસંગ વિદ્યાર્થીઓ પાસે મોટેથી વંચાવવો. ત્રણથી ચાર વખત આ પ્રસંગનું વાંચન કરાવવું.
- પ્રસંગને અનુરૂપ પ્રશ્નો પૂછવા અને વિદ્યાર્થીઓ પ્રશ્નો સમજીને જવાબ આપે તેવો આગ્રહ રાખવો.
- વિદ્યાર્થીઓને પ્રિય પ્રાણીઓનાં નામ પૂછવાં. પ્રાણીઓ પ્રત્યે કેવું વર્તન કરવું જોઈએ ; તે બાબત પૂછવું.
- પ્રાણીઓ પ્રત્યે કેવો ભાવ રાખવો, તેમની શી શી કાળજી રાખવી ; તેની ચર્ચા.

## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં કયા શબ્દો વપરાયા છે ?**

| | | | |
|---|---|---|---|
| ૧) પંખી – .................... | | ૨) ફળિયું –........................ | |
| ૩) શિખામણ – .................... | | ૪) દુઃખ – ........................ | |
| ૫) શરીર – .................... | | ૬) પુષ્પ – ........................ | |

**સ. ૨ નીચેની ખાલી જગ્યા યોગ્ય શબ્દ લખીને પૂરો.**

૧) બચ્ચાની ......... પણ બરાબર ફૂટી નહોતી.

૨) રૂ ઉપર બચ્ચાને મૂકી ...........ની કણકી ચાંચમાં આપવા લાગ્યા.

૩) ખૂબ જ ઊંચેથી પડ્યું હોવાથી તેને ખૂબ ............... થઈ રહી છે.

૪) પ્રાણીમાત્ર ઉપર ............. રાખશો.

૫) બંને ભાઈઓએ બચ્ચાને ............... કપડામાં લઈ શેવંતી અને મોગરાની વચ્ચે ખાડો ખોદી દાટી દીધું.



**સ. ૩ ટૂંકમાં જવાબ લખો.**

૧) શ્યામ અને તેનો ભાઈ બચ્ચાને ક્યાં લઈ ગયા ? શા માટે ?
જવાબ : ............................................................
............................................................

૨) ઘરમાં બચ્ચાને લઈ જઈ બંને ભાઈઓએ શું કર્યું ?
જવાબ : ............................................................
............................................................

૩) માતાએ બંને ભાઈઓને શી સલાહ આપી ?
જવાબ : ............................................................
............................................................

૪) મરી ગયેલા બચ્ચાને બંને ભાઈઓએ ક્યાં અને કેવી રીતે દાટ્યું ?
જવાબ : ............................................................
............................................................

૫) છેલ્લે માતાએ બંને ભાઈઓને શી સલાહ આપી ?
જવાબ : ............................................................
............................................................

**સ. ૪ વિરોધી અર્થવાળા શબ્દ લખો.**

૧) દુઃખી × ..................... ૨) પ્રેમ × .......................

૩) ઊંચે × ..................... ૪) દયા × .......................

**સ. ૫ અધૂરાં વાક્યો પૂરાં કરો.**

૧) આંગણાના ઝાડ ઉપરથી ..........................................................

૨) ચીં...ચીં ની કરુણ ચીસો ..........................................................

૩) દુઃખી થતા પંખીને જોઈ ..........................................................

૪) તમે આ બચ્ચાને ..........................................................

**સ. ૬ સાચી જોડણીવાળા શબ્દ ઉપર ✓ ની નિશાની કરો.**

| | | | |
|---|---|---|---|
| ૧) | પ્રાનિમાતર | પ્રાણીમાત્ર | પ્રાનીમાતર |
| ૨) | પસુપકસી | પશુપક્ષી | પસુપક્ષી |
| ૩) | શેવંતી | સેવનતી | શેવંનતી |
| ૪) | બચ્ચાં | બચચાં | બચ્ચા |



◆ **યાદ રાખો :** પાંખો બરાબર ન ફૂટવી – બરાબર વિકસિત ન થવું ;
એકબીજાને ચાહતા રહેવું – દરેક સાથે પ્રેમથી રહેવું ;
મૂંગાં પશુ–પક્ષી કે પ્રાણીમાત્ર ઉપર પ્રેમભાવ રાખવો, દયા રાખવી તેમાં જ સાચો માનવધર્મ રહેલો છે.



**હું વાંચું ............ તમે પણ વાંચો**

## શ્યામની મા

મહારાષ્ટ્રમાં પ્રસિદ્ધિ પામેલા સાને ગુરૂજી સાહિત્યકાર, સ્વાતંત્ર્યસેનાની, સમાજસુધારક અને તત્ત્વજ્ઞાની હતા. તેમનું પૂરું નામ પાંડુરંગ સદાશિવ સાને હતું.

તેમણે લખેલું 'શ્યામચી આઈ' પુસ્તક અત્યંત લોકપ્રિય બન્યું હતું. તે પુસ્તકને આધારે બનાવેલા ચલચિત્રને શ્રેષ્ઠ ભારતીય ચિત્રપટ માટેનો સર્વપ્રથમ પુરસ્કાર મળ્યો હતો.

સાને ગુરુજી બીજાના દુઃખે દુઃખી થતા, અત્યંત લાગણીશીલ સ્વભાવના સાને ગુરુજીએ આ પુસ્તકમાં પોતાની માતાનાં સંસ્મરણો વર્ણવ્યાં છે.

આપણે ચોથા ધોરણથી આઠમા ધોરણ સુધી 'શ્યામની મા' પુસ્તકમાંના જુદાજુદા પ્રસંગોથી પરિચિત થવાના છીએ. તમારા પુસ્તકાલયમાંથી આ પુસ્તક મેળવીને તમે જરૂરથી વાંચજો.

**મૂંગા પશુ – પક્ષી પર પ્રેમ રાખો**

# વાક્યપ્રકાર



- નીચેનાં વાક્યો વાંચો.

(અ) ૧) ભાઈ–બહેન અભ્યાસ કરે છે.

૨) બા પૂજા કરવા બેઠાં છે.

૩) બાપુજી ઑફિસે જાય છે.

ઉપરનાં વાક્યો હકારાત્મક છે કારણ તેમાં 'ન/ના, નહિ, નથી' જેવા નકારાત્મક શબ્દ નથી.

(બ) ૧) ભાઈ વ્યાયામ કરવા જીમમાં જતો નથી.

૨) તેની પાસે છુટ્ટા પૈસા નહોતા.

૩) તેણે કોઈનું સાંભળ્યું નહિ.

ઉપરનાં વાક્યમાં 'ન/ના, નહિ, નથી' જેવા નકાર શબ્દ આવ્યા છે. આવાં વાક્યને નકારાત્મક વાક્ય કહે છે.



## સ્વાધ્યાય

**વાક્યનો પ્રકાર ઓળખી બાજુમાં લખો.**

ઉદા. : ખૂબ મોટો સાપ છે. : હકારાત્મક વાક્ય



૧) બાપુજી આજે વહેલા નહિ આવે. ______________

૨) અમે શાળાની સહેલે જઈએ છીએ. ______________

૩) તું કેમ કંઈ ખાતી નથી ? ______________



૪) તેણે નોકરને પૈસા ના આપ્યા. ______________

૫) ઉમેશે નૈનિતાલ જોયું છે. ______________

- **યાદ રાખો :** ઘણીવખત વિરામચિહ્નો ઉપરથી પણ વાક્યના પ્રકાર નક્કી થાય છે. પૂર્ણવિરામવાળાં વાક્યોને વિધાનવાક્ય કહેવાય. પ્રશ્નાર્થચિહ્નવાળા વાક્યને પ્રશ્નાર્થવાક્ય કહેવાય તેમ ઉદ્ગારચિહ્નવાળા વાક્યને ઉદ્ગારવાચક વાક્ય કહેવાય છે.

# કોલાજ



## સચિન રમેશ તેંડુલકર




જન્મતારીખ : ૨૪ એપ્રિલ ૧૯૭૩

પ્રથમ ટેસ્ટમેચ : ૧૫ નવે., ૧૯૮૯ – પાકિસ્તાન સામે

પ્રથમ એકદિવસીય આંતરરાષ્ટ્રીય : ૧૮ ડિસે., ૧૯૮૯ પાકિસ્તાન સામે

એકદિવસીય આંતરરાષ્ટ્રીય ૪૯ સદી

એકદિવસીય આંતરરાષ્ટ્રીય ૯૬ અર્ધસદી



એકદિવસીય આંતરરાષ્ટ્રીય ૧૮,૪૨૬ રન

ટેસ્ટ સદી ૫૧

ટેસ્ટ રન ૧૫,૯૨૧

છેલ્લી ટેસ્ટ મૅચ :

૧૪ નવે., ૨૦૧૩ વેસ્ટઇંડીજ સામે

છેલ્લી એકદિવસીય આંતરરાષ્ટ્રીય :

૧૮ માર્ચ, ૨૦૧૨ પાકિસ્તાન સામે





**સચિન તેંડુલકરને ભારતરત્ન મળ્યો છે.**
**સૌથી નાની ઉંમરે ભારતરત્ન મેળવનાર.**

### વિશ્વવિક્રમો

- આંતરરાષ્ટ્રીય એકદિવસીય મેચમાં બેવડી સદી કરનાર પહેલો ખેલાડી.
- સૌથી વધારે ટેસ્ટમેચ અને એકદિવસીય આંતરરાષ્ટ્રીય મેચ રમનાર.
- આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં સો સદી કરનાર એકમાત્ર ક્રિકેટર.
- ટેસ્ટ ક્રિકેટમાં પચાસ સદી કરનાર એકમાત્ર ખેલાડી.
- ટેસ્ટ ક્રિકેટમાં ૧૫,૦૦૦ રન બનાવનાર પ્રથમ બેટ્સ્મેન
- સૌથી વધારે વિશ્વવિક્રમ નોંધાવનાર ખેલાડી તરીકેનો વિશ્વવિક્રમ

### બહુમાન

- અર્જુન એવૉર્ડ
- રાજીવ ગાંધી ખેલરત્ન
- પદ્મશ્રી
- મહારાષ્ટ્ર ભૂષણ
- પદ્મવિભૂષણ
- ભારતરત્ન

કોલાજ એ કાગળના ટુકડા, ચિત્રો, ફોટોગ્રાફ્સ, લખાણ વગેરેની કલાત્મક રીતે કરેલી ગોઠવણ છે. કોઈ એક વિષય ઉપર કે વિવિધ વિષયોનું સંયોજન કરી તમે જાતે પણ ઉપરની જેમ કોલાજ બનાવો.

# મારો પ્રિય ક્રિકેટર





**વિદાયપ્રસંગે હૃદયસ્પર્શી વક્તવ્ય**

સચિને પોતાના માતાપિતા, પરિવારજનો, સગાંસંબંધીઓ, મિત્રો, ગુરુ, ડોક્ટર્સ, તાલીમાર્થીઓ, મેનેજર્સ, મિડિયા અને બધા લોકો જેમણે તેના જીવનમાં સાથ અને સહકાર આપ્યો હતો તે બધાંનો આભાર માન્યો હતો.



સચિન, અમને તારા ઉપર ગર્વ છે.

સચિનના પિતા પ્રોફેસર રમેશ તેંડુલકર, ઇ.સ. ૧૯૯૯માં જ્યારે મૃત્યુ પામ્યા ત્યારે વર્લ્ડકપની મેચો ચાલુ હતી. સચિન એકદમ થોડા સમય માટે ભારત આવી તરત જ પાછો જતો રહ્યો. ત્યારપછીની કેનિયા સામેની મેચમાં તેણે સદી ફટકારી (૧૦૧ બોલમાં નોટઆઉટ ૧૪૦ રન). તે સદી તેણે તેના પિતાને અર્પિત કરી.

વિદાયપ્રસંગના વક્તવ્યમાં સચિને તેના 'સર' - રમાકાંત આચરેકર વિશે ખૂબ હળવી શૈલીમાં કહ્યું :

"છેલ્લા ૨૯ વર્ષોમાં, સરે મને ક્યારેય 'સરસ રમ્યો' એમ કહ્યું નથી. કારણકે તેમને લાગતું હતું કે, હું મને પૂર્ણ માનવા લાગીશ તો વધારે મહેનત કરવાનું છોડી દઇશ. કદાચ હવે તેઓ મને સરસ કહી તેમના આશિષ અને શુભેચ્છા આપે, કારણકે મારી કારકિર્દીમાં હવે કોઇ મેચ નથી. સર, મારા જીવનમાં હું ક્રિકેટનો સાક્ષી બની રહીશ અને ક્રિકેટ હંમેશાં મારા હૃદયમાં રહેશે. પરંતુ મારા જીવનમાં આપનું યોગદાન અનન્ય રહ્યું છે, માટે આપનો ખૂબખૂબ આભાર !"





સચિન તેંડુલકરના એક યુવાન પ્રસંશકે પોતાના પ્રિય ક્રિકેટરના જીવન અને કાર્ય વિશે આ કોલાજ બનાવ્યું છે. તમે પણ તમારા પ્રિય ખેલાડી / વ્યક્તિના આવા 'કોલાજ' બનાવી શકો.

# ભારતરત્ન

ભારત દેશનું સર્વોચ્ચ નાગરિક સન્માન 'ભારતરત્ન' છે.
આજ સુધીમાં આ સન્માન માત્ર ૪૩ લોકોને જ પ્રાપ્ત થયું છે.
આ તમામ લોકોમાં સચિન તેંડુલકર એકમાત્ર છે, જેને સૌથી નાની ઉંમરે આ બહુમાન મળ્યું છે.

(૧) સરદાર વલ્લભભાઈ પટેલ
(૨) શ્રી. મોરારજીભાઈ રણછોડજીભાઈ દેસાઈ
ગુજરાતના આ બે મહાનુભવોને આ બહુમાન મળ્યું છે.




(૧) મહર્ષિ ધોંડો કેશવ કર્વે
(૨) શ્રી. પાંડુરંગ વામન કાણે
(૩) આચાર્ય વિનોબા ભાવે
(૪) ડૉ. ભીમરાવ રામજી આંબેડકર
(૫) શ્રી. જે.આર.ડી. ટાટા
(૬) સુશ્રી લતા દીનાનાથ મંગેશકર
(૭) શ્રી. સચિન તેંડુલકર
મહારાષ્ટ્રના કુલ સાત મહાનુભવોને આ બહુમાન મળ્યું છે.



# ઝિન્દાબાદ, ઝિન્દાબાદ !





ભારતનાં રખવાળાં કરશું,
ભારતમાં અજવાળાં ભરશું ;
ઝિન્દાબાદ, ઝિન્દાબાદ !
દેશ અમારો ઝિન્દાબાદ !

મરજીવા થઈ સાગર તરશું,
પવન પલાણી થનગન ફરશું ;
અમે ચાંદની,
અમે વાદળી થઈ જગતમાં
મીઠાં મીઠાં અમરત ઝરશું :
ઝિન્દાબાદ, ઝિન્દાબાદ !





થાક અમે સહેજે ના ગણશું :
પાયાથી નવચણતર ચણશું :
અમે બંસરી,
અમે ખંજરી બની મુલકમાં
મધુર કૂજશું ને રણઝણશું :
ઝિન્દાબાદ, ઝિન્દાબાદ !





અમે ગાંધી–સરદારને પગલે
તિરંગાની શાન બઢવશું
સરોજિની–કસ્તુરબા થઈને
અમે દેશનાં ગાન ગજવશું :
ઝિન્દાબાદ, ઝિન્દાબાદ !
દેશ અમારો ઝિન્દાબાદ !

- હસિત બૂચ



## શિક્ષક - વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- બાળકની મહત્ત્વાકાંક્ષા વિશે જાણવું.
- શીખી ગયેલાં દેશપ્રેમનાં કાવ્યો વિશે પ્રશ્નો પૂછી તેની એકાદ–બે પંક્તિઓ ગવડાવવી.
- મહાત્મા ગાંધી, સરદાર વિશે વાતચીત કરી, પ્રશ્નોત્તર કરવા.
- સરોજિની, કસ્તુરબા વિશે માહિતી આપી તેમના પ્રસંગો કહેવા.
- વિદ્યાર્થીઓના દિલમાં દેશપ્રેમની ભાવનાને જાગૃત કરતા પ્રશ્નો પૂછવા.

## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં કયા શબ્દો વપરાયા છે ?**

૧) દરિયો – ........................ ૨) પ્રકાશ – ........................
૩) ગીત – ........................ ૪) જગ – ........................
૫) અમી – ........................ ૬) વાંસળી – ........................

**સ. ૨ બાળકો શું કરશે ? યોગ્ય જોડી બનાવી લખો.**

| | |
|---|---|
| ૧) મરજીવા થઈને ... | ગીતો ગજાવશે. |
| ૨) વાદળી બનીને ... | મધુર કૂજન કરશે. |
| ૩) બંસરી બનીને ... | સાગર તરશે. |
| ૪) સરોજિની – કસ્તુરબા થઈને ... | અમૃત વરસાવશે. |

જવાબ : ૧) ........................................................................
૨) ........................................................................
૩) ........................................................................
૪) ........................................................................



**સ. ૩ એક વાક્યમાં જવાબ લખો.**

૧) ભારતના રખવાળાં કોણ કરશે ?

........................................................................

૨) અમૃત વરસાવવા બાળકો શું શું બનશે ?

........................................................................

૩) થાક્યા વિના બાળકો શું કરશે ?

........................................................................

૪) બાળકો શેના નારા લગાવે છે ?

..........................................................................................

૫) સાગર તરવા બાળકો શું બનશે ?

..........................................................................................

૬) બાળકો કોના પગલે ચાલવા ઈચ્છે છે ?

..........................................................................................

૭) બાળકો શેની શાન વધારવા માગે છે ?

..........................................................................................

૮) દેશનાં ગાન ગજવવાં બાળકો કોના જેવા બનવા ઈચ્છે છે ?

..........................................................................................

**સ. ૪ ઉદાહરણ મુજબ ક્રિયાપદ પરથી નામ બનાવો.**

ઉદા. : ચણવું – ચણતર

| | | | |
|---|---|---|---|
| ૧) | ભણવું – ...................... | ૨) | કળવું – .................... |
| ૩) | જડવું – ...................... | ૪) | ગળવું – .................... |

**સ. ૫ સર્વનામ શોધી તેને રેખાંકિત કરો.**

૧) દેશ અમારો ઝિન્દાબાદ.

૨) અમે મધુર કૂજશું ને રણઝણશું.

૩) અમારે નારા લગાવવા છે.

૪) તમે દેશની શાન વધારજો.

૫) તેઓ સાહસિક બની રખવાળાં કરશે.



**સ. ૬ કવિતાની પંક્તિ પૂરી કરો.**

૧) મરજીવા થઈ ... ત્યાંથી ... ફરશું સુધી.

૨) થાક અમે ... ત્યાંથી ... ચણશું સુધી.

૩) અમે ગાંધી ... ત્યાંથી ... બઢવશું સુધી.

૪) સરોજિની ... ત્યાંથી ... ગજવશું સુધી.

◆ યાદ રાખો : રખવાળાં કરવાં – ચોકીદારી કરવી

મરજીવા – સાગરના તળિયે જઈ દરિયાઈ સંપત્તિ લાવનાર

## હું વાંચું ............. તમે પણ વાંચો

### અમે કમર કસી

નાનાં નાનાં બાળ કેવાં,
રહ્યાં અમે હસી ;

ભલભલાની સામે થાવા,
અમે કમર કસી ... નાનાં ...

હિંમત જોઈ અમારી દુશ્મન,
રહેશે હાથ ઘસી ;

હાક પડે જ્યાં મા–ભોમની,
અમે જઈશું ધસી ... નાનાં ...

એકેક બાળ સિંહ સરીખાં,
જશે ના એ ખસી ;

ખુમારી આ જંગ ખેલવા,
જુઓ દિલે વસી ... નાનાં ...



**મા, માતૃભૂમિ અને માતૃભાષા ત્રણેય મહાન છે.**

2N3DRB

# ભારતની પ્રથમ રેલવે




આપણા આખા ભારત દેશમાં પહેલી આગગાડી ૧૮ મી એપ્રિલ ૧૮૫૩ માં મુંબઈથી થાણા સુધીની શરૂ થઈ હતી. આ બે વચ્ચેનું અંતર એકવીસ માઈલનું હતું. ગાડી જ્યારે પ્રથમ શરૂ થઈ ત્યારે તેને એકવીસ તોપની સલામી આપવામાં આવી હતી. તેમાં ચારસો માણસો બેઠાં હતાં ને આ પ્રથમ આગગાડીના એંજિનની પૂજા કરવામાં આવી હતી. આરતી કરીને નાળિયેર વધેરવામાં આવ્યું હતું. આ વખતે ત્યાં મુંબઈના સર્વ પ્રમુખ નાગરિકો હાજર હતા. અંગ્રેજી રાજ્યના અમલ દરમ્યાનની આ એક મુખ્ય ઘટના હતી. આ પહેલી રેલવે કંપનીના પ્રમુખ તરીકે નાના શંકર શેઠ હતા.

કોલસો ખાઈને ધુમાડો કાઢતી આગગાડી, એ વર્ષે મુંબઈગરાઓની વાતચીતનો વિષય હતો. આજે જે રીતે આપણે અંતરિક્ષ પ્રવાસ વિષે ગર્વ લઈએ છીએ તે જ રીતે દોઢસો વર્ષ પહેલાં આગગાડી ગર્વનો વિષય હતો. કોઈ પણ પ્રાણીની મદદ વગર માત્ર વરાળના જોર પર ચાલતું અને ખૂબ ઝડપથી એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચતું આ વાહન લોકોને માટે એક અજાયબીનો વિષય બની ગયું હતું.

અંગ્રેજી અમલ દરમ્યાન ઘણી એવી સારી-માઠી ઘટનાઓ બની. તેમાં સારી ઘટનાઓમાં સૌથી પહેલી કદાચ આ ઝડપી મુસાફરી આવે.

આગગાડીની શોધ ઈ. સ. ૧૮૧૪માં જ્યોર્જ સ્ટીવન્સન નામના વૈજ્ઞાનિકે કરી.વરાળથી ચાલતાં યંત્રોની અને એંજિનોની શોધ પછી આગગાડીનો પહેલો માર્ગ ઈ. સ. ૧૮૨૫માં તૈયાર થયો. આમ આ શોધને ભારત સુધી આવતાં પચ્ચીસ વર્ષ થયાં. જાપાન, બ્રહ્મદેશ, ચીન, સિયામ વગેરે દેશોમાં આગગાડી ઈ. સ. ૧૮૭૨થી ૧૮૯૩ સુધીમાં પહોંચી. એ પ્રમાણમાં આપણે ભાગ્યશાળી કહેવાઈએ.

અંગ્રેજોના અમલ દરમિયાન રેલવેના ડબ્બા, એંજિન વગેરે બાબતોમાં આપણે ઈંગ્લેન્ડ પર આધાર રાખવો પડતો હતો, આજે ભારતના ચિત્તરંજન કારખાનામાં એંજિનો તૈયાર થાય છે અને તેનો ઉપયોગ આપણે કરીએ છીએ. ભારત દેશ સ્વતંત્ર થયા પછી માત્ર વીસ વર્ષની અંદર જ રેલવેના દરેક ભાગ માટે સ્વયંપૂર્ણ થઈ ગયો છે. રેલવેનો ઉપયોગ લોકોના પ્રવાસ અને માલની આવ-જા માટે થાય છે.

નાનાં બાળકોને આગગાડીનું ખૂબ આકર્ષણ હોય છે. આગગાડી દ્વારા પ્રવાસ કરવાની જે મજા આવે છે તેની બાળક બન્યા સિવાય ખબર ન પડે ! બારી પાસે બેસવાનું, બારી બહારનાં દોડતાં વૃક્ષો જોવાનાં, સ્ટેશન આવે ત્યારે માણસોની આવ-જા જોવાની, હમાલોની દોડાદોડ, મુસાફરોનો ઘોંઘાટ, સ્ટેશને સ્ટેશને ગરમાગરમ ચા-કોફી, લોનાવલાની ચીકી, મુંબઈનો હલવો, વડોદરાનો ચેવડો વગેરે ખાતાંખાતાં પ્રવાસ કરવાની જે મજા આવે છે તે તો બાળક બની શકે તેને જ ખ્યાલ આવે.

**શિક્ષક - વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા**

- પંખા, ટેલિફોન, ટેલિવિઝનની શોધને લગતા પ્રશ્નોત્તર
- રેલવેના ઉપયોગ વિશે ચર્ચા
- ભારતીય રેલવેની વર્તમાન માહિતી
- વિદ્યાર્થીઓના રેલપ્રવાસના અનુભવોનું આદાનપ્રદાન
- અન્ય શોધોની સરખામણીમાં ભારતીય રેલવેની શોધ પ્રાચીન અર્થાત અંગ્રેજોના સમયમાં થઈ તે બાબતની ચર્ચા

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં કયા શબ્દો વપરાયા છે ?**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧) | શ્રીફળ | – ............. | ૨) | બધા | – .................. |
| ૩) | પ્રસંગ | – ............. | ૪) | અભિમાન | – ................. |
| ૫) | નવાઈ / આશ્ચર્ય | – ............. | ૬) | મશીન | – .................. |
| ૭) | નસીબદાર | – ............. | ૮) | કોલાહલ | – .................. |

**સ. ૨ ટૂંકમાં જવાબ લખો.**

૧) ભારતમાં પહેલી આગગાડી ક્યારે શરૂ થઈ ? જવાબ : ......................

૨) પહેલી રેલવે કંપનીના પ્રમુખ કોણ હતા ? જવાબ : ......................

૩) આગગાડીની શોધ કોણે અને ક્યારે કરી ? જવાબ : .......................

૪) રેલવેનો ઉપયોગ શેના માટે થાય છે ? જવાબ : .......................

**સ. ૩ ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ મૂકો.**

૧) ........... ખાઈને ......... કાઢતી આગગાડી જ વાતચીતનો વિષય બની હતી.

૨) આગગાડીનો પહેલો માર્ગ ઈ. સ. ............... તૈયાર થયો હતો.

૩) ભારતના ............... કારખાનામાં એંજિનો તૈયાર કરવામાં આવે છે.

૪) ભારત દેશ સ્વતંત્ર થયા પછી માત્ર .................. વર્ષની અંદર જ રેલવેના દરેક ભાગ માટે સ્વયંપૂર્ણ થઈ ગયો છે.

**સ. ૪ એકાદ-બે શબ્દમાં જવાબ લખો.**

૧) આગગાડી શરૂ થઈ ત્યારે કેટલાં માણસો તેમાં બેઠાં હતાં ? ..................

૨) તેને કેટલી તોપની સલામી આપવામાં આવી હતી ? ..........................

૩) મુંબઈથી થાણા વચ્ચેનું અંતર કેટલું હતું ? ...................................

૪) રેલવેના એંજિન અને ડબ્બા માટે આપણે કોના ઉપર આધાર રાખવો પડતો? ....................................



**સ. ૫ ટૂંકમાં જવાબ લખો.**

૧) તમને આગગાડીનો પ્રવાસ કરવામાં શેની શેની મજા આવે ?
જવાબ : ............................................................
............................................................
............................................................

૨) પ્રથમ શરૂ થયેલી આગગાડીનું ઉદ્‌ઘાટન કેવી રીતે કરવામાં આવ્યું હતું ?
જવાબ : ............................................................
............................................................
............................................................

**સ. ૬ ક્યાંનું શું વખણાય ? જવાબ માટે કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરો.**

(ચીકી, ખારી શીંગ, ઘારી, હલવો, ચેવડો, હલવાસન)

| | | | |
|---|---|---|---|
| ૧) સુરત | – ...................... | ૪) વડોદરા | – ...................... |
| ૨) મુંબઈ | – ...................... | ૫) ભરૂચ | – ...................... |
| ૩) ખંભાત | – ...................... | ૬) લોનાવલા | – .................... |

**સ. ૭ સાચા શબ્દ ફરતે ગોળ કરો.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧) | નાળિયેર | નારિયેળ | નાળીયેર | ૩) બ્રહ્મદેશ | બ્રમદેશ | બરમદહેશ |
| ૨) | અનતરીક્ષ | અંતરિક્ષ | અંતરીક્સ | ૪) ઈનગલેડ | ઈંગ્લેંડ | ઈંગલેંડ |

◆ **યાદ રાખો :** સ્વયંપૂર્ણ થઈ જવું – સ્વાવલંબી થવું.
કોલસો ખાઈની ધુમાડો કાઢતી આગગાડી – તે વખતમાં આગગાડી કોલસાથી પાણીની વરાળ બનીને વરાળશક્તિથી ચાલતી માટે તે ચાલે ત્યારે ધુમાડો નીકળતો. માટે કહેવાતું કે કોલસો ખાઈને ધુમાડો કાઢતી આગગાડી.






## ફળોનો ફેશન શૉ

વન, ટુ, થ્રી, ફોર લેટ્સ ગો લેટ્સ ગો,
ફળની વાડીમાં ફેશન શૉ
સફરજન સાફો બાંધે, કેળું પહેરે કફની,
ચણીબોરનાં ચણિયાચોળી, ચીકુ પહેરે ચંપલ,
પપૈયાનું પાટલૂન ઢીલું ઢીલું ઢસ ... વન, ટુ ...
નારંગીનો નાઈટસૂટ, મોસંબીનો મેક-અપ,
શેરડીએ સ્લેકસ પહેરી, ડગલો પહેરે દાડમ,
દ્રાક્ષની દક્ષિણી સાડી વારેઘડીયે ચમકે ... વન, ટુ...




અનાનસનું અંગરખું, ફણસનું ફ્રોક,
નાળિયેરનાં નખરાં, જાંબુ ઝાકમઝોળ,
તરબૂચ ટોપી પહેરી આમતેમ ચાલે ... વન, ટુ ...
કેરી પહેરે કેપ્રી ને સ્લીવલેસ ટોપ,
ઊંચી હિલનાં સેન્ડલ ને રહે ટીપટોપ,
નંબર ફેશન - શૉમાં ફર્સ્ટ એનો આવે ... વન, ટુ ...

– નિકેતા બી. આચાર્ય




**ફળો એ કુદરતની સર્વોત્તમ ભેટ છે.**

# બિલાડી અને મગર

એક સવારે બિલ્લીમાસી નાહવા માટે જાય,
સાબુ આખો, ડોલ, ધોકો સાથે લેતાં જાય.
તળાવ પાસે સઘળું મૂકી પથરે બેસી જાય,
સાબુ ચોળી ધોળી થાવા ઘસીઘસીને ન્હાય.
ત્યાં તો આવ્યા મગર ભૈયા, માસી તો ગભરાય,
ડોલ, સાબુ સઘળું મૂકી ભાગી જાવા જાય.
બિલ્લીનો પગ પકડી મોંમાં મગર બહુ ફુલાય,
માસી વિનવે : મગર ભૈયા, હું તમારી ગાય.
મગર કહેતો : તળાવ મારું, નાહવા આવી કેમ ?
હાથ જોડી માસી બોલી : રાખો મુજ પર રહેમ,
તળાવ ગાળ્યું સૌના માટે ના મારું ના તારું,
હળીમળીને રહેવા માટે સર્જ્યું આ જગ સારું.
શાણી વાતો હૈયે વાગી, મગર ભૈયા જાગ્યા,
પગ છોડીને માફી માગી, સરસર કરતા ભાગ્યા.

- ચંપાબેન ગુર્જર





## શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- અન્ય કથાગીતો ગવડાવી તેની વાર્તાની ચર્ચા કરવી.
- કથાગીત એટલે શું ; તેની ચર્ચા કરવી.
- અહીં આપેલ કથાગીત ઓછામાં ઓછી ૩ વખત ગવડાવવું.
- કથાગીતમાંના વિષયવસ્તુને અનુરૂપ પ્રશ્નોત્તર કરવા.
- વિદ્યાર્થીઓના ઉત્તરને આધારે જીવનની સાથે વ્યાવહારિક બાબતો પર પ્રશ્નો પૂછવા.
- પ્રસ્તુત કથાગીતની વાર્તા વિદ્યાર્થીઓ પાસે જ કરાવવી.

## સ્વાધ્યાય

**સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં કયા શબ્દો વપરાયા છે ?**

| | |
|---|---|
| ૧) બિલાડી – ........................ | ૨) બાલદી – .......................... |
| ૩) બધું – ........................ | ૪) દયા – .......................... |
| ૫) દુનિયા – ........................ | ૬) હૃદય – .......................... |



**સ. ૨ એક વાક્યમાં જવાબ લખો.**

૧) બિલ્લીમાસી નાહવા માટે શું શું સાથે લઈ ગયા ?
જવાબ : ..................................................................

૨) બિલ્લીમાસી કેવી રીતે નહાતાં હતાં ?
જવાબ : ..................................................................

૩) બિલ્લીમાસી શા માટે ભાગવા લાગ્યાં ?
જવાબ : ..................................................................

૪) મગરે બિલ્લીનો પગ પકડીને શું કહ્યું ?
જવાબ : ..................................................................

૫) બિલ્લીએ હાથ જોડી મગરને શું કહ્યું ?
જવાબ : ..................................................................

**સ. ૩ નીચેનાં વાક્યો કોણ બોલે છે ?**

૧) મગર ભૈયા, હું તમારી ગાય. ............................................

૨) તળાવ મારું, નાહવા આવી કેમ ? ............................................

૩) રાખો મુજ પર રહેમ ..................................

૪) હળીમળીને રહેવા માટે સર્જ્યું આ જગ સારું ..................................

સ. ૪ વિરોધી અર્થવાળા શબ્દ લખો.

૧) સવાર × ......................  ૨) ધોળી × .....................

૩) સર્જન × ......................  ૪) જાગવું × .....................

સ. ૫ 'સરસર' જેવા અન્ય શબ્દો લખો. દા. ત. ફરફર

૧) ................................  ૨) ................................

૩) ................................  ૪) ................................

સ. ૬ નીચેની વસ્તુ કયા કયા કામમાં આવે ?



૧) સાબુ – ..............................................

૨) બાલદી – ..............................................

૩) ધોકો – ..............................................

૪) કાંસકો – ..............................................

૫) નેઈલકટર – ..............................................

૬) ઊલિયું – ..............................................

૭) બ્રશ – ..............................................

૮) નેપકીન – ..............................................

૯) ટુવાલ – ..............................................

૧૦) હાથરૂમાલ – ..............................................

સ. ૭ જોડણી સુધારો.

૧) બીલલી = ......................  ૨) ફુલાય = ......................

૩) ગાળિયું = ......................  ૪) સરજ્યું = ......................

◆ યાદ રાખો : બહુ ફુલાવું – બહુ ખુશ થવું
કોઈની ગાય હોવું – કોઈ કહે તે જ પ્રમાણે કરવું
શાણી વાતો હૈયે વાગવી – ડાહી ડાહી વાતો સારી લાગવી, મનમાં ઊતરી જવી

## બિલાડીને ગળે ઘંટ

બેઠા ઉંદરો સભા ભરીને સાંભળજો આ વાત,
નદીના તટમાં ભેગી થઈ છે, ઉંદર કેરી નાત.
'કાસળ કાઢે છે બિલ્લીબાઈ, ખરાબ એની જાત,
ત્રાસ વધી રહ્યો છે એનો, કેમ ઊગરશું ઘાત ?'
જુવાન ઉંદર કહે 'બંધુઓ ડરીને કેમ જીવાય ?
દવા કરું આ બિલ્લીબાઈની, બતાવું એક ઉપાય !
ચિંતા કરવાની જરૂર નથી, પડતો મૂકો તંત,
આવી જાય બિલાડી અહીં તો, બાંધી દો કોટે ઘંટ.'
ઘરડો ઉંદર ધીમેથી બોલ્યો, 'ઘંટ બાંધવા શીદ જાશો ?
સો મણ તારા જેવા ખાધા છે, નાસ્તો એનો થઈ જાશો.
પસા પટેલના ખેતરની દાદા, બહુ ખાધી મેં દૂધી.
આજે તમને બતાવી દઉં હું, મારામાં કેટલી બુદ્ધિ?
સાંકડા મોંઢાળું માટલું લાવ્યો, કાંઠલે બાંધ્યો ઘંટ,
માટલીમાં થોડું ઘી નાંખ્યું, હવે બિલ્લીનો આવ્યો અંત.
ઘીની સુગંધે બિલ્લી આવી, નાખ્યું મોઢું મટકે,
ઉંદરે દેકારો કર્યો પછી, માટલું લઈને ભટકે,
દેખાવાનું બંધ થયું હવે, બિલ્લી શીદને છટકે,
મોત ભાળીને દોડી બિલ્લી, દીવાલે જઈને અટકે.
ફૂટી ગયું માટીનું માટલું, ગળામાં કાંઠલો લટકે,
બિલ્લી ચાલે ધીમે તો પણ, ઘંટડી ટનટન રણકે.

– ચંપાબેન ગુર્જર






શેરને માથે સવાશેર

# ચિત્રવાર્તા





# इयत्ता १ ली ते ८ वी साठीची पाठ्यपुस्तक मंडळाची वैशिष्ट्यपूर्ण पुस्तके

- मुलांसाठीच्या संस्कार कथा
- बालगीते
- उपयुक्त असा मराठी भाषा शब्दार्थ संग्रह
- सर्वांच्या संग्रही असावी अशी पुस्तके
- स्फूर्तीगीत
- गीतमंजुषा
- निवडक कवी, लेखक यांच्या कथांनी युक्त पुस्तक





















**पुस्तक मागणीसाठी www.ebalbharati.in, www.balbharati.in संकेतस्थळावर भेट द्या.**

***साहित्य पाठ्यपुस्तक मंडळाच्या विभागीय भांडारांमध्ये विक्रीसाठी उपलब्ध आहे.***

ebalbharati

विभागीय भांडारे संपर्क क्रमांक : पुणे - ☎ २५६५९४६५, कोल्हापूर- ☎ २४६८५७६, मुंबई (गोरेगाव) - ☎ २८७७१८४२, पनवेल - ☎ २७४६२६४६५, नाशिक - ☎ २३९१५११, औरंगाबाद - ☎ २३३२१७१, नागपूर - ☎ २५४७७१६/२५२३०७८, लातूर - ☎ २२०९३०, अमरावती - ☎ २५३०९६५




મહારાષ્ટ્ર રાજ્ય પાઠ્યપુસ્તક નિર્મિતિ અને
અભ્યાસક્રમ સંશોધન મંડળ, પુણે.

बालभारती इयत्ता ४ थी (गुजराती माध्यम)

₹ 39.00